



આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર 2005,
સુધારેલી આવૃતિ: October 2021

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:

ઓલ પીપલ્સ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારા આશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:

જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

# વ્યક્તિગત અને વારસાગત બંધનોને તોડીએ

# સમાવિષ્ટ


| | |
|---|---|
| પ્રસ્તાવના | 1 |
| 1. વારસાગત બંધન શું છે? | 5 |
| 2. અપરાધ અને પાપ | 11 |
| 3. કઈ બાબતો કૌટુંબિક બંધનોના દ્વાર ખોલે છે? | 15 |
| 4. વ્યક્તિગત અને વારસાગત બંધનોને ઓળખવા | 20 |
| 5. આ સઘળાથી આપણે કેવી રીતે મુક્તિ પામી શકીએ? | 22 |
| વારંવાર પુછાતા પ્રશ્નો | 28 |
| તૈયારી | 34 |
| પ્રાર્થના | 35 |

# પ્રસ્તાવના

કેટલાક લોકો જે સમસ્યાઓનો સામનો કરે છે તેનું મૂળ તેઓની અગાઉની પેઢીમાં હોય શકે છે. આ સમસ્યાઓ પૈકી કેટલીક સમસ્યાઓ અગાઉની પેઢીના કોઈ વ્યક્તિની પાપી જીવનશૈલીને કારણે કે તેઓએ કરેલા દુષ્ટ કર્મોનું પરિણામ હોય શકે છે. દાખલા તરીકે, કોઈ એક કુટુંબમાં, દાદા કે પરદાદા દેવાળિયા થઈ ગયા હોય, કે જેનો વારસો તેઓના પુત્રો પૈકી કોઈએકને વારસામાં પ્રાપ્ત થયો હોય. આ પુત્રને પણ સંતાનો હોય અને તે પૈકી કોઈ એક દેવાળિયો બની શકે છે. તેથી પેઢી દરપેઢી, એક કે એક કરતાં વધુ લોકો એક જ પ્રકારની સમસ્યાથી અસર પામતા હોય છે.

બીજો એક દાખલો જોઈએ કે જ્યાં દાદા કે પરદાદા અત્યંત વ્યસની હોય. તેમનો દીકરો પણ જીવનનાં કોઈ એક તબક્કે વ્યસની શકે છે અને તેના પછીની પેઢી પણ તેમ કરી શકે છે. એકસમાન પ્રશનોથી ઘેરાયેલા રહેવાની જાણે કે લઢણ બની જાય છે. બની શકે કે કોઈ બાબત કૌટુંબિક વૃક્ષમાં જ હોય-કોઈ વ્યક્તિના અંગત જીવનને સ્પર્શ ન કરતી હોય-એવી બાબત એક પ્રકારની લઢણ કે જીવનશૈલીને પેદા કરે છે જે પેઢી દરપેઢી ચાલ્યા કરે છે. આ પ્રકારે પેઢી દરપેઢી ચાલી આવતી સમસ્યાનું મૂળ કારણ શું હોય શકે-જીવન જીવવાની રીત, જીવનમાં થયેલા અનુભવો, કુદરતી હોનારતો, કે અન્ય બાબતો? પેઢી દરપેઢી ચાલી આવતી આ પ્રકારની સમસ્યાઓનું શું કોઈ અધ્યાત્મિક કારણ હોય શકે ખરું? જો આમ બને છે તો સમસ્યાના પ્રાથમિક ઉપચાર કરવાને બદલે તેના મૂળમાં જઈને તેનું નિરાકરણ વિચારવું રહ્યું. સમસ્યાના અધ્યાત્મિક ઉપચાર અંગે ચોક્કસ વિચાર કરવો જ રહ્યો.

બીજો એક દાખલો જોઈએ જેમાં દાદા કે પરદાદા દારૂના અત્યંત વ્યસની હોય છે. તેમનો દીકરો પણ પાછળની જીંદગીમાં દારૂના વ્યસનમાં સપડાઇ છે અને આ પરંપરા તેના સંતાનોમાં પણ જોવા મળી શકે છે. એક જ પ્રકારની વારસાગત સમસ્યાથી પીડાતા હોય એવા ઘણાં કુટુંબો જોઈ શકાય છે. આ પ્રકારના કિસ્સાઓમાં કોઈ એક વ્યક્તિની ખામી નથી હોતી પરંતુ વારસાગત જીવનશૈલી કારણભૂત હોય શકે છે જે પેઢી દરપેઢી આ પ્રકારની લઢણ ઉત્પન્ન કરે છે. આ પ્રકરણની સમસ્યાઓનું મૂળ શું હોય શકે-જીવનશૈલીમાં વર્તન, જીવનનાં અનુભવો, કુદરતી આફતો વિગેરે વિગેરે. પેઢી સુધી વારસામાં મળતી સમસ્યાઓનું શું કોઈ અધ્યાત્મિક કારણ પણ હોય શકે? જો આ પ્રકારની કોઈ સમસ્યાનું અધ્યાત્મિક કારણ હોય તો

તેના બાહ્ય લક્ષણોને સુધારીને ચીલાચાલું ઉપાય શોધવાને બદલે તેના મૂળ સુધી જઈ આધ્યાત્મિક રીતે વિચારવું જોઈએ.

## વારસાગત બંધનોના દાખલા

આપણાં જીવાનોમાં જે કેટલીક સમસ્યાઓનો આપણે સામનો કરીએ છીએ તેનું મૂળ વારસાગત બંધનોમાં હોય શકે છે-જેમ કે પાપ કરવાની વૃતિ કે એ પ્રકારની જીવનશૈલી કે જેમાં આપણે જૂઠું બોલીએ, છેતરપિંડી કરીએ, ગુસ્સો કરીએ, હિંસા કરીએ, જુગાર રમીએ, દારૂ કે અન્ય વ્યસનોમાં જોડાઈએ, વ્યભિચાર કરીએ, અનૈતિકતા આચરીએ, ભાંગફોડ કરનાર વ્યક્તિત્વ ધરાવીએ, શોષણ કરીએ, આત્મહત્યાનો વિચાર કરીએ, માત્ર કામઘેલા થઈએ વિગેરે. આ યાદી હજી લાંબી થઈ શકે. જીવનમાં અન્ય પ્રકારની સમસ્યાઓ- જેમ કે વારંવાર બીમારી આવવી, છૂટાછેડાના પ્રશ્નો ઊભા થવા, નાણાકીય નાદારી નોંધાવવી, વ્યવસાયમાં કે અન્ય બાબતોમાં વારંવાર નિષ્ફળતા મળવી, હતાશ થઈ જવું, માનસિક કે ભાવનાત્મક રીતે ભાંગી પડવું, અજાણ્યા ભયથી સતત ડરતા રહેવું, અસલામતીનો અનુભવ કરવો, લઘુતાગ્રંથિથી પીડાવવું, તિરસ્કારભાવનો અનુભવ કરવો, ગરીબી અનુભવવી, ભૂખ ન લાગવી, બાળકો પ્રત્યે અણગમો થવો, શારીરિક કે ભાવનાત્મક રીતે અસક્ષમ થવું, સંતાનો ન થવા, ગર્ભ ન રહેવો, વારંવાર અકસ્માતનો ભોગ બનવું, અકસ્માતગ્રસ્ત બની જવું, અકુદરતી રીતે કે કસમયે મૃત્યુ થવું વિગેરેને પણ "વારસાગત બંધનો"ની સાથે સાંકળી શકાય.

## કોઈ સાર્વત્રિક ઉપાય નથી

આ પુસ્તકમાં આગળ અભ્યાસમાં જોડાઈએ તે પહેલા, આપણે એક બાબત સમજવી પડશે કે આપણે જે સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ તે દરેકનો ઉપાય વારસાગત બંધનોમાં પ્રાપ્ત થઈ શકે તેમ નથી. વારસાગત બંધનોને સમજવા અને તેને તોડવાથી જીવનની દરેક સમસ્યાનો અંત થઈ જવાનો નથી. કોઈ સમસ્યા માત્ર વારસાગત બંધનોને કારણે છે તેવું ન પણ હોય. દાખલા તરીકે, કોઈને સતત માથાનો દુખાવો રહ્યા કરતો હોય તો તે વારસાગત બંધનોને કારણે છે તેમ ન કહી શકાય. તે અપૂરતી ઊંઘને કારણે પણ હોય શકે.! તેથી આપણે કોઈ નિષ્કર્ષ પર આવતા પહેલા એ બાબતે ખાસ કાળજી રાખવી પડશે કે કઈ સમસ્યા વારસાગત બંધનોને કારણે ઊભી થઈ છે. આપણે માત્ર વારસાગત બંધનોને કારણે જ બધી સમસ્યાઓ ઉદભવે છે તેવું માની લેવાની જરૂર નથી. કોઈ એક સમસ્યાના અન્ય પરિબળો પણ કારણભૂત હોય શકે છે.

## અન્ય કારણભૂત પરિબળો

કોઈ ચોક્કસ પાપ કરવાની વૃતિ એક પેઢીમાથી બીજી પેઢીમાં પ્રવેશ કરતી દેખાય ત્યારે, અધ્યાત્મિક કારણો ઉપરાંત બીજા ઘણાં પરિબળો કામ કરતાં હોય તેવું બને, જેમ કે વ્યક્તિગત, આનુવંશિક, આસપાસનું વાતાવરણ કે અન્ય. દાખલા તરીકે કોઈને ડ્રગ્સ લેવાનું વ્યસન છે તો તેનું કારણ એ ન હોય શકે તેની અગાઉની પેઢીમાં કોઈ ડ્રગ્સ લેતું હતું તેથી તે વ્યક્તિને તેની લત લાગી હશે. પણ બની શકે કે તે વ્યક્તિની ખોટી જીવનશૈલી કે ખોટી સોબતને કારણે પણ હોય શકે.

## આ સત્યને જાણવું અને અનુસરવું

અલબત્ત, આપણે માટે એ મહત્વનુ છે કે આપણે વારસાગત બંધનોને જાણીએ અને સત્યને અનુસરીએ, કે જેથી જો વારસાગત બંધન કોઈ સમસ્યાનું મૂળભૂત કારણ છે તો તે સમસ્યાના કાયમી ઉકેલ માટેનો રસ્તો આપણે શોધી શકીએ. જ્યાં સુધી આપણે કોઈ સમસ્યાના મૂળને જાણવા પ્રયત્ન નથી કરતાં ત્યાં સુધી તેના કાયમી ઉપાયને શોધી શકતા નથી. આપણે આ સત્યને આપણાં માટે અને આપણી સેવા માટે અનુસરવાની જરૂર છે.

**અફેસી 6:12**
**કેમ કે આપણું આ યુદ્ધ રક્ત કે માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક [લશ્કરો]ની સામે છે.**

આપણી લડાઈ "રક્ત અને માંસ"ની સામે નથી-લોકો વિરુદ્ધ નહીં-પરંતુ આત્મિક દુષ્ટતાની સામે, શેતાનિક પરિબળોની સામે, અંધકારની સત્તા વિરુદ્ધ, શેતાનની વિરુદ્ધ, અને રાક્ષસો વિરુદ્ધ છે જેઓ આપણી ઉપર હુમલા કરે છે અને આપણને હરાવવા પ્રયત્ન કરે છે. આ એક પ્રકારનું આત્મિક યુદ્ધ છે. તેથી આપણી કેટલીક સમસ્યાઓનાં મૂળ આત્મિક છે.

દેવના વચનો આપણને ચેતવણી આપે છે કે આપણે શેતાનને કોઈ પ્રકારે તક પૂરી પાડવી જોઈએ નહીં-"શેતાનને સ્થાન ન આપો"(એફેસી 4:27). શેતાનને આપણાં જીવનનો કોઈપણ પ્રકારે કબજો ન મળે તે માટે આપણે કાળજી રાખવી પડશે. આપણાં માટે એ સમજવું ખૂબ અગત્યનું છે કે શેતાન આપણાં જીવનોમાં કેવી રીતે પ્રવેશ કરે છે અને પોતાની યોજનાઓ અમલમાં મૂકે છે. ત્યારે જ આપણે શેતાનનો સફળતાપૂર્વક સામનો કેવી રીતે કરવો તે જાણી શકીશું. શેતાન આપણાં જીવનોમાં કેવી રીતે પ્રવેશે છે તે બાબત જો આપણે યોગ્ય રીતે

જાણવામાં અસમર્થ રહીશું તો તેને આપણાં જીવનોથી દૂર રાખવામા આપણે અસમર્થ રહીશું. જો આપણે સમસ્યાને મૂળમાથી દૂર નહીં કરીએ તો આપણી લડાઈ "પડછાયા સાથેની લડાઈ" સાબિત થશે-પ્રત્યક્ષ વ્યક્તિને બદલે તેના પડછાયા સાથે લડતા હોઈએ તેમ.

## શરતો અને પરિભાષા

મોટાભાગના ખ્રિસ્તી સમુદાયમાં, "કૌટુંબિક શ્રાપ" કે "વારસાગત શ્રાપ" શબ્દનો ઉપયોગ થાય છે. આ પુસ્તકમાં, આપણે "શ્રાપ" શબ્દનો ઉપયોગ કરતાં નથી. તેને બદલે, આપણે "બંધન" શબ્દનો ઉપયોગ કરીએ છીએ કેમ કે આપણને લાગે છે કે બંધન શબ્દ વધુ વ્યાપક છે અને તે સમસ્યાના પ્રકારને ચોક્કસ રીતે વ્યાખ્યાયિત કરે છે. "શ્રાપ" શબ્દ મોટેભાગે બોલચાલની ભાષામાં વપરાય છે; જે સામાન્ય રીતે આપણાં જીવનોના સંદર્ભમાં છે. અલબત્ત, આપણે બંધનો વિષે વાત કરવા માંગીએ છીએ કે જ્યાં શેતાન શત્રુએ આપણાં કૌટુંબિક વારસામાં કોઈ રીતે પ્રવેશ કર્યો છે અને પેઢીઓથી કુટુંબની વિવિધ વ્યક્તિઓ પર કાબૂ જમાવ્યો છે. ક્યારેક "કૌટુંબિક શ્રાપ", "વારસાગત શ્રાપ" કે "વારસાગત બંધનો" જેવા શબ્દો પરસ્પર ઉપયોગમાં લેવામાં આવ્યા છે. અલબત્ત, શબ્દોનો પરિભાષા કયા પ્રકારની છે તેને બદલે સત્યને સમજીને આપણાં જીવનોમાં તેનો કેવી રીતે અમલ કરવો એ અગત્યનું છે.

# 1. વારસાગત બંધન શું છે?

**નિર્ગમન 20:3-6**
**3 મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય.**
**4 તું તારે સારુ કોઈ કોરેલી મૂર્તિ ન કર. ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેનાં પાણીમાંની કોઈ પણ ચીજની [પ્રતિમા] ન કર;**
**5 તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર; કેમ કે હું તારો દેવ યહોવા આસ્થાવાન દેવ છું, જેઓ મારો દ્વેષ કરે છે તેઓની ત્રીજીચોથી પેઢી સુધી બાપોના અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર,**
**6 ને મારા પર જેઓ પ્રીતિ કરે છે ને મારી આજ્ઞાઓ પાળે છે તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર છું.**

દેવ બે આદેશ આપે છે. પ્રથમ છે કે તેમના સિવાય અન્ય કોઈ દેવ હોય શકે જ નહીં, અને બીજો આદેશ છે કે કોઈપણ વ્યક્તિએ કંડારેલી મુર્તિ સમક્ષ પગે લાગવું નહીં. આ આદેશોના ઉલ્લંઘન કરવાથી જે પરિણામો ભોગવવાના છે તે અંગે પણ ઈશ્વરે સ્પષ્ટતા કરેલી છે કે અન્યાય પેઢીઓ, ત્રીજી કે ચોથી પેઢી સુધી, સુધી જારી રહેશે. તેથી આપણે જોઈએ છીએ કે કોઈ પેઢીની કોઈ ચોક્કસ વ્યક્તિ જુઠ્ઠા દેવોની પુજા કરે છે કે મૂર્તિઓને પગે લાગે છે, તો તેઓ પોતાના જીવનો માટે અને આવનાર પેઢી માટે "અન્યાય"નાં દરવાજા ખોલે છે. આ બાબતને આપણે "વારસાગત બંધન" તરીકે ઓળખીએ છીએ.

પ્રથમ વખત જ આ પ્રકારે વારસાગત બંધનના વિચારને દર્શાવવામાં આવેલ છે. દેવે પોતે જ આ બાબત જણાવી છે તેની નોંધ લેવી પણ ખૂબ અગત્યનું છે. તેથી, વારસાગત બંધનોનો વિચાર ભયગ્રસ્ત લોકો દ્વારા કે લોકોને ભયના ઓથાર નીચે દબાવી રાખનાર આગેવાનો દ્વારા રજૂ કરવામાં આવતો નથી. દેવે પોતે જ પોતાનાં લોકોને ચેતવણી આપતા કહ્યું છે કે પેઢીઓની પેઢીઓ સુધી અન્યાય ચાલુ રહેશે.

આ વિચારોને અન્ય ચાર જગ્યાઓએ પુનરાવર્તિત કરવામાં આવેલ છે. તેથી, બાઈબલમાં વર્ણન કરેલ કોઈ એકલદોકલ પ્રસંગ પરથી આપણે આ વિચારધારાને મહત્વ આપીએ છીએ એવું નથી. શાસ્ત્રમાં જે અન્ય જગ્યાઓએ આનો ઉલ્લેખ છે તે આપણે નીચે મુજબ જોઈ શકીએ છીએ:

**નિર્ગમન 34:7**

હજારો પર કૃપા રાખનાર, અન્યાય તથા ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર; અને દોષિતને નિર્દોષ નહિ જ ઠરાવનાર; બાપના અન્યાયને લીધે છોકરાં પર અને છોકરાના છોકરાં પર, ત્રીજીચોથી પેઢી સુધી બદલો વાળનાર.

ગણના 14:18
યાહોવા મંદરોષી તથા પુષ્કળ દયાળુ, અન્યાય તથા ઉલ્લંઘનની ક્ષમા કરનાર, તથા [દોષિતને] નિર્દોષ કોઈ પણ પ્રકારે નહિ ઠરાવનાર; બાપોના અન્યાયનો બદલો ત્રીજી તથા ચોથી પેઢીનાં છોકરાં પાસેથી લેનાર છે.

પુનર્નિયમ 5:9
તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર; કેબ કે હું યાહોવા તારો દેવ આવેશી દેવ છું; જેઓ મારો દ્વેષ કરે છે તેઓની ત્રીજીચોથી પેઢી સુધી, બાપોના અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર;

યર્મિયા 32:18
તું હજારો પર કૃપા કરે છે, ને પૂર્વજોના અન્યાયનું ફળ તેઓની પાછળ આવનાર તેઓના પુત્રોના ખોળામાં ભરી આપે છે; તું મહાન તથા શક્તિમાન દેવ છે, તારું નામ સૈન્યોનો [દેવ] યાહોવા છે;

# મૂર્તિપૂજા

મૂર્તિપૂજા કરવી ખોટી બાબત છે! ઈશ્વરે મૂર્તિપૂજાને સદંતર નકારી કાઢેલ છે. આપણે કોઈપણ પ્રકારે કંડારેલ મુર્તિ, કાગળની મુર્તિ, ઈલેક્ટ્રોનિક પ્રકારે થતી મૂર્તિપૂજા કે અન્ય પ્રકારની મૂર્તિપૂજા કરવાની નથી. આત્મા અને સત્યતાથી આપણે જીવંત અને સત્ય દેવની આરાધના કરવાની છે. તેથી આપણે કેટલાક અગત્યના પ્રશ્નો પૂછી શકીએ છીએ:

- મુર્તિ કે કૃતિ, ભલે પછી તે ઇસુની, કોઈ સંત કે સેવકની કેમ ન હોય, તેને પગે લાગવું શા માટે ખોટું છે?
- ઈસુના ફોટાની પુજા કરવી શા માટે ખોટું છે?

મૂર્તિપૂજા વિષે શાસ્ત્રમાં શું કહેવામાં આવ્યું છે તેનો અભ્યાસ કરીએ.

કરીનથીઓને પહેલો પત્ર 10:19-22
19 તો હું શું કહું છું? કે મૂર્તિનું નૈવેદ કઈ છે, અથવા મુર્તિ કઈ છે?
20 ના, પણ [હું કહું છું કે] વિધર્મીઓ જે બલિદાન આપે છે તે તેઓ દેવને નહિ, પણ ભૂતપિશાચોને આપે છે; અને તમે ભૂતપિશાચોનો સંગ કરો, એવી મારી ઇચ્છા નથી.
21 તમે પ્રભુના પ્યાલા સાથે ભૂતપિશાચોનો પ્યાલો પી શકતા નથી; તેમ જ તમે પ્રભુની મેજની સાથે ભૂતપિશાચોની મેજના ભાગીદાર થઈ શકતા નથી.
22 તો શું આપણે પ્રભુને ચીડવીએ છીએ? શું આપણે તેના કરતાં જોરાવર છીએ?

પવિત્ર શાસ્ત્રના વચનો પ્રમાણે, મૂર્તિનું કોઈ મહત્વ હોતું નથી. અલબત્ત, મૂર્તિપૂજા દરમ્યાન જે બલિદાન ચડાવવામાં આવે છે તે જીવંત ઈશ્વરને નહીં પણ ખરેખર તો શેતાન કે ભૂતને ચડાવવામાં આવે છે. આ ક્રિયા શેતાન સાથેની સંગતમાં દોરે છે, જે જીવનમાં શેતાનિક શક્તિઓને પ્રવેશ આપે છે. જ્યારે આપણે જીવતા દેવની આરાધના કરીએ છીએ ત્યારે આપણે દેવ સાથે સાનિધ્યમાં આવીએ છીએ, અને ત્યારે દેવને આપણે આપણાં હૃદયમાં અને જીવનમાં પ્રવેશ આપીએ છીએ. બસ આજ પ્રમાણે, જ્યારે કોઈ વ્યક્તિ મુર્તિને પગે લાગે છે અને તેને બલિદાનો ચઢાવે છે ત્યારે તે વ્યક્તિ જે તે મુર્તિ સાથે સંકળાયેલ શેતાનિક શક્તિઓ સાથે સંગતમાં આવે છે અને તે શક્તિને પોતાના જીવનમાં આમંત્રણ આપે છે.

## ચેતવણીરૂપ શબ્દ

આપણે આ સત્ય અંગે જ્યારે આપણાં મિત્ર કે જે મૂર્તિપૂજા સાથે સંકળાયેલ છે તેની સાથે સંવાદ કરીએ પ્રેમ અને નમ્રતાથી બોલવું પડશે.

**નીતિવચનો 16:21**
**જ્ઞાની અંતઃકરણવાળો માણસ શાણો કહેવાશે; અને મીઠા હોઠોથી વિદ્યાની વૃદ્ધિ થાય છે.**

પુનર્નિયમ 7માં અધ્યાયમાં, દેવ પોતાના લોકોને મૂર્તિપૂજા અંગે કેટલીક ચોક્કસ સૂચનાઓ આપે છે.

**પુનર્નિયમ 7:25-26**
**25 તેઓના દેવડેવિઓની કોતરેલી મૂર્તિઓ તમારે આગથી બાળી નાખવી; તેઓના અંગ પરના રૂપા પર કે સોના પર તું લોભાતો નહિ, તેમ જ તે તારે માટે લેતો નહિ, રખેને તું તેમાં ફસાઈ પડે; કેમ કે યાહોવા તારા દેવની નજરમાં એ અમંગળ છે;**
**26 અને તું કોઈ અમંગળ [વસ્તુ] તારા ઘરમાં લાવીને તેની પેઠે વિનાશપત્ર થઈશ નહિ; તારે તે છેક ધિક્કારવું, ને તારે તેનાથી છેક કંટાળવું; કેમ કે તે તદન વિનાશપત્ર છે.**

કોઈપણ શાપિત વસ્તુ પોતાના ઘરોમાં લઈ જવા અંગે દેવ પોતાના લોકોને ચેતવે છે. મુર્તિને ચઢાવેલ કિંમતી ઘરેણાં પણ તેઓને લેવા માટે મનાઈ કરેલ છે. આ પ્રકારની ચીજો દેવને અપમાનિત કરે છે-દેવને પસંદ નથી. જેઓએ શાપિત ચીજોને પોતાના ઘરોમાં રાખી તેઓ જે તે મુર્તિ સાથે સંકળાયેલ શક્તિઓથી બંધનમાં આવી ગયા. બંધન અને વિનાશ તેઓના જીવનોમાં પ્રવેશ કરે છે. મૂર્તિપૂજા એ પાપ હોવાનું આ પણ એક કારણ છે. જો આ બાબતમાં

આપણે દેવના આદેશનો અનાદર કરીએ છીએ તો જે તે મૂર્તિની શેતાનિક શક્તિ આપણને બંધનમાં બાંધી લે છે અને આપણને વિનાશ તરફ દોરી લઈ જાય છે.
જેની પુજા કરીએ છીએ તેના સમાન જ આપણે બની જઈએ છીએ. "તેઓના બનાવનારા અને તેઓના પર ભરોસો રાખનારા સર્વ તેઓના જેવા થશે (ગીતશાસ્ત્ર 115:8)." જેની ભક્તિ આપણે કરીએ છીએ તેના સ્વભાવને આપણે અનુસરી છીએ. જ્યારે આપણે મુર્તિને પગે લાગીએ છીએ અને તેની સેવા કરીએ છીએ ત્યારે તે મુર્તિનો આત્મા આપણાં જીવનમાં પ્રભાવ પડે છે અને આપણને બંધનમાં લે છે કે જેથી આપણે તેની પુજા અને સેવા કરવા વારંવાર પ્રેરાઈએ છીએ. આ જ પ્રથા આપણાંમાથી આપણાં બાળકોમાં, અને તેઓના બાળકોમાં, અને વારસામાં પ્રવેશ કરે છે.

## વ્યક્તિગત બંધન વિરુદ્ધ વારસાગત બંધન

જે અન્યાય કે પાપને આપણે આપણાં જીવનનો કબજો લેવા દીધો છે જે આજે આપણને અસર કરે છે તે "વ્યક્તિગત બંધન" છે. જો આપણે તેના સામર્થ્યને તોડવા માટે પ્રયત્ન નથી કરતાં તો તે હવે પછી આપણી આવનાર પેઢીમાં પણ ચાલુ જ રહેશે. જો તે આપણી આવનાર પેઢીમાં કાર્યરત રહે છે તો તે "વારસાગત બંધન" બની જાય છે. કોઈ પોતાના જીવનમાં વારસાગત બંધનથી પીડતું હોય જે તેમને વારસામાં પ્રાપ્ત થયું હોય શકે છે, જરૂરી નથી કે તે બંધન તેઓએ જાતે પેદા કર્યું હોય. જેમ અગાઉ જણાવ્યુ તેમ, આ બંધનો અનેક પ્રકારના હોય શકે છે જેમ કે-પાપમાય વર્તન કે જીવનશૈલી જેવી કે જૂઠું બોલવું, છેતરપિંડી કરવી, ગુસ્સો કરવો, હિંસા કરવી, જુગાર રમવો, દારૂનું વ્યસન કરવું, ડ્રગ્સના બંધાણી બનવું, વ્યભિચાર કરવો, અનૈતિકતા આચરવી, વિનાશાત્મક વ્યક્તિત્વ, શોષણ કરવું, આત્મહત્યાનો વિચાર કરવો, કામમય થઈ જવું વિગેરે. જીવનમાં અન્ય પ્રકારની સમસ્યાઓ જેવી કે વારંવાર બીમારી આવવી, છૂટાછેડા થવા, નાણાકીય નાદારી નોંધાવવી, ધંધામાં વારંવાર નિષ્ફળ થવું, અન્ય રીતે નિષ્ફળ થવું, હતાશ કે નિરાશ થઈ જવું, માનસિક કે ભાવનાત્મક રીતે ભાંગી પડવું, અજાણ્યા ભયથી પીડાવું, અસલામતી, ગરીબ હોવાનો અનુભવ થવો, તિરસ્કાર અનુભવવો, ગરીબી ધારણ કરવી, ભૂખ ન લગાવી, બાળકો ન થવા, ગર્ભ ધારણ ન થવો, વારંવાર અકસ્માત થવા, આકસ્મિક કે અકુદરતી મરણો થવા વિગેરે આપણ બંધનોને કારણે જ જોવા મળે છે.

અત્રે આપણો હેતુ એ છે કે આ પ્રકારના વ્યક્તિગત અને વારસાગત બંધનોને કેવી રીતે તોડી શકાય તે શીખવું.

## લાલસા(લોભ) મૂર્તિપૂજા છે

જૂના કરારમાં મૂર્તિઓને કે પ્રતિમાઓને પગે લાગવું તેને મૂર્તિપૂજા ગણવામાં આવી છે. અલબત્ત, નવા કરારમાં આ બાબતને વધુ બૃહદ પરિપેક્ષ્યમાં લેતા લાલસા કે લોભને પણ મૂર્તિપૂજા ગણવામાં આવેલ છે.

**કલોસ્સિઓને પત્ર 3:5**
**એ માટે પૃટવી પર્ણ તમારા અવયવો, એટ્લે વ્યભિચાર, અશુદ્ધતા, વિષયવાસના, ભૂંડી ઈચ્છા તથા દ્રવ્યલોભ જે મૂર્તિપૂજા છે, તેઓને મારી નાખો.**

**એફેસીઓને પત્ર 5:5**
**કેમ કે આ તો તમે ખાતરીપૂવક જાણો છો કે**

કોઈપણ પ્રકારનો લોભ કે અનિયંત્રિત લાલસા મૂર્તિપૂજા કરવા બરાબર છે. દાખલા તરીકે, જો કોઈને અનિયંત્રિત ઈચ્છા થાય છે કે બંધાણી બની જાય છે તો તે પણ એક પ્રકારે મૂર્તિપૂજા જ છે કે જેના પરિણામો ભોગવવા પડે છે. કોઈપણ બાબતના બંધાણી હોવું એટલે કે કોઈ પદાર્થનો દુરોપયોગ કરવો, અશ્લીલતા કે બીભસ્તતા, દારૂનું વ્યસન, કે અનૈતિક જીવનશૈલી ધારણ કરવી વિગેરે. આજ પ્રકારે મૂર્તિપૂજા જીવનમાં કાર્યરત થાય છે અને વ્યક્તિને બંધાણી બનાવે છે. તેથી જો વાસ્તવમાં આપણાં ઘરોમાં મૂર્તિઓ ન પણ હોય, તો પણ આપણે આપણાં હ્રદયોને તપાસવાની જરૂરુ છે કે કોઈ લાલસા કે લોભ તો તેમાં નથી ને?

## વારસાગત આશીર્વાદો

બીજી બાજુ, બાઇબલ આપણને વારસાગત આશીર્વાદો વિષે પણ શિક્ષણ આપે છે. ઇબ્રાહિમના જીવન પરથી આપણે વારસાગત આશીર્વાદો અંગે નમૂનો પ્રાપ્ત કરી શકીએ છીએ કે જ્યાં દેવ ઇબ્રાહિમને જણાવે છે કે તે અને તેના સર્વ સંતાનો આશીર્વાદો પ્રાપ્ત કરશે.

ઉત્પતિ 17:7
**અને તારો દેવ તથા તારા પછીના તારા વંશજોનો દેવ થવા સારું, હું મારો કરાર સનાતન કરાર તરીકે મારી અને તારી વચ્ચે ને પેઢી દરપેઢી તારા પછી તારા વંશજોની વચ્ચે કરીશ.**

યશાયા 59:21
**વળી યહોવા કહે છે કે, તેમની સાથે મારો કરાર આ છે: મારો આત્મા જે તારા પર છે, ને મારા વચનો જે મેં**

**તારા મુખમાં મૂક્યા છે તે તારા મુખમાથી, તારા સંતાનના મુખમાથી, તથા તારા સંતાનના સંતાનના મુખમાથી હમણાંથી તે સર્વકાળ સુધી જતાં રહેનાર નથી, એમ યહોવા કહે છે.**

જીવંત અને સનાતન ઈશ્વર સાથે કરેલ કરાર વારસાગત આશિષ લાવે છે જે ખરેખર અસરકારક છે.

# 2. અપરાધ અને પાપ

## અપરાધ વિરુદ્ધ પાપ

“અપરાધ” અને “પાપ” શબ્દોને સમજવાથી આપણને વારસાગત બંધનોને સમજવામાં વધુ મદદ મળશે. બંને શબ્દોનો શાસ્ત્રમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

**નિર્ગમન 34:9**
**અને તેણે કહ્યું કે, હે પ્રભુ, જો હું તારી દ્રષ્ટિમાં કૃપા પામ્યો હોઉં તો કૃપા કરીને પ્રભુ અમારી મધ્યે ચાલે; કેમ કે આ લોક તો હઠીલા છે; અને અમારો અન્યાય તથા અમારું પાપ માફ કર, ને અમોને તારો વારસો કરી લે.**

“અપરાધ” માટે હિબ્રૂ ભાષામાં “એવોન” શબ્દ છે જેનો અર્થ “વિકૃતિ” થાય છે જ્યારે “પાપ” માટે “ખાતાવાવ” શબ્દ છે જનો અર્થ “ગુનો” થાય છે. સામાન્ય રીતે, આપણે એવું તારણ કાઢી શકીએ કે “અપરાધ” વ્યક્તિના સ્વભાવ સાથે સંકળાયેલ છે, આપણાં અંતરમાં એવું કઈક છે જે આપણને પાપ કરવા પ્રેરે છે, જ્યારે “પાપ” એટલે કોઈક ખોટું કામ કરવું. એ એક એવું કૃત્ય છે જે ઈશ્વરના આદેશનો ભંગ છે કે લક્ષ્મણ રેખાને ઓળંગવા સમાન છે.

## અપરાધ પેઢીઓ સુધી ઉતારી આવે છે

ઈશ્વર કહે છે કે અપરાધ એવી બાબત છે જે પેઢી દરપેઢી ચાલ્યા કરે છે. કોઈ પાપ કરે છે પરંતુ અપરાધ તે વ્યક્તિને પાપ કરવા ઉતેજન આપે છે જે પેઢી દરપેઢી ચાલ્યા કરે છે. યર્મિયાનો વિલાપ પુસ્તકના 5માં અધ્યાયમાં, આપણે વાંચીએ છીએ કે પિતાઓ દ્વારા જે અપરાધી કૃત્યો કરવામાં આવ્યા તે તેઓની પેઢીઓ સુધી ચાલ્યા.

**યર્મિયાનો વિલાપ 5:7**
**અમારા પૂર્વજોએ પાપ કર્યું, તેઓ જતાં રહ્યા છે; અને તેઓના અપરાધોનું ફળ અમને મળ્યું છે.**

**યર્મિયા 32:17-18**
**17 હે પ્રભુ યહોવા! તેં તારા મહાન બળથી તથા તારા લાંબા કરેલા ભુજથી આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં છે; તને કઈ અશક્ય નથી;**
**18 તું હજારો પર કૃપા કરે છે, ને પૂર્વજોના અન્યાયનું ફળ તેઓની પાછળ આવનાર તેઓના પુત્રોના ખોળામાં**

**ભરી આપે છે; તું મહાન તથા શક્તિમાન દેવ છે, તારું નામ સૈન્યોનો (દેવ) યહોવા છે;**

**ગીતશાસ્ત્ર 51:5**
**હું અન્યાયી અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો.**

આપણો જન્મ થયો તે અગાઉથી, અપરાધ આપણાં જીવનમાં ચલિત થયેલ છે.

## આ પ્રમાણે થવા દેવા માટે શું દેવ ન્યાયી છે?

અગાઉની પેઢીમાં કોઈ દ્વારા કરવામાં આવેલ અપરાધના પરિણામો આ પેઢીમાં કોઈ ભોગવતું હોય તો અજુગતું લાગે. અને કેવી રીતે સમજી શકાય?

એવું દ્રશ્યમાન થાય છે વડવાઓએ કરેલ અપરાધોના પરિણામો દીકરાઓ, અને દીકરાઓના દીકરાઓ ભોગવે તેવું થવા દેવામાં દેવ અન્યાયી છે. અન્ય જગ્યાઓએ આપણે વાંચીએ છીએ કે જ્યાં ઈશ્વર સ્પષ્ટપણે જણાવે છે જે જીવ પાપ કરશે તે મરશે. બે શાસ્ત્રભાગો પર નજર કરીએ:

**પુનર્નિયમ 24:16**
**છોકરાને લીધે બાપો માર્યા ન જાય, ને બાપોને લીધે છોકરા માર્યા ન જાય; દરેક માણસ પોતપોતાના પાપને લીધે માર્યો જાય.**

**હઝકીયેલ 18:1-4,20**
**1 ફરીથી યહોવાનું વચન મારી પાસે આવ્યું કે,**
**2 તમે શા કારણથી ઇસ્રાએલ દેશ વિષે આ કહેવત વાપરો છે કે, પિતાઓએ ખાટી દ્રાક્ષો ખાધી છે ને પુત્રોના દાંત ખટાઈ ગયા છે?**
**3 પ્રભુ યહોવા કહે છે કે, મારા જીવના સમ, હવે પછી ઇસ્રાએલમાં તમને આ કહેવતનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવશે નહીં.**
**4 જુઓ, સર્વ જીવો મારા છે; જેમ પિતાનો જીવ તેમ જ પુત્રોનો જીવા પણ મારો છે; જે જીવ પાપ કરશે તે માર્યો જશે.**
**20 જે જીવ પાપ કરે તે માર્યો જશે; દીકરો બાપની દુષ્ટતા (નું ફળ) ભોગવશે નહીં, તેમ જ બાપ દીકરાની દુષ્ટતા (નું ફળ) ભોગવશે નહીં; નેકીવાનની નેકી તેણે શિર રહેશે, ને ભૂંડાની ભૂંડાઇ તેણે શિર રહેશે.**

સંતાનોના પાપ માટે પિતાઓને મૃત્યુની શિક્ષા નહીં થાય. દરેકને પોતાનાં પાપના પ્રમાણમાં મૃત્યુની શિક્ષા થશે. અત્રે, “પાપ” શબ્દ માટે હિબ્રૂ ભાષાનો શબ્દ “ખાતે” વાપરવામાં આવ્યો છે જેનો “ગુનો” અથવા “અપરાધ” થાય છે.

આ ગૂંચવાડાભર્યું હોય શકે છે. લગભગ પાંચ કલમોમાં કહેવામા આવ્યું છે કે અપરાધની શિક્ષા સંતાનોઓમાં અને તેઓના સંતાનોમાં ઉતારી આવશે, જ્યારે આ બે કલમો તેનાથી વિરુદ્ધ લાગે છે. વધુ સારી સમજણ માટે આપણે “અપરાધ” અને “પાપ” શબ્દના તફાવતને ફરીથી યાદ કરવો પડશે.

## દેવ ન્યાયી દેવ છે

દેવ ન્યાયી દેવ છે. એ હકીકતમાં કોઈ શંકા નથી કે દેવ ન્યાયી દેવ છે અને તેનામાં કોઈ અન્યાય નથી. ન્યાય પ્રણાલી દ્વારા કરવામાં આવતી “શિક્ષા” અને ખોટા કાર્યોના પ્રત્યાઘાત રૂપે ભોગવવા પડતાં “પરિણામો” વચ્ચેનો તફાવત આપણે સમજવાની જરૂર છે. વ્યક્તિગત રીતે કરવામાં આવતા પાપોની સજા જે તે વ્યક્તિએ જાતે જ ભોગવવી પડે છે. જ્યારે જે તે પાપના પ્રત્યાઘાતરૂપે ભોગવવા પડતાં પરિણામો તે વ્યક્તિ ઉપરાંત બીજા જીવનોને પણ પ્રભાવિત કરે છે.

દાખલા તરીકે કોઈ કુટુંબના વડા (પિતા) કોઈ મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી કરે છે. તેઓ મોટી રકમની ઉચાપત કરતાં પકડાઈ જવાથી ગુનેગાર સાબિત થાય છે અને તેમને 10 વર્ષની જેલની સજા થાય છે. અલબત્ત, તેઓ તેમના પાપી કૃત્ય બદલ 10 વર્ષની સજા એકલા જ ભોગવે છે, પરંતુ, તેમનું આખો પરિવાર-પત્ની, બાળકો, અને બાળકોના બાળકો-તેમના આ પાપી કૃત્યનાં પરિણામો ભોગવે છે. કુટુંબના સભ્યોને ભાવનાત્મક પીડા ભોગવવી પડે છે અને સમગ્ર પરિવારની પ્રતિષ્ઠા ખરડાઇ જાય છે. સજા કરતાં પરિણામોની તીવ્રતા વધુ હોય છે.

પુનર્નિયમના 24માં અને હઝકિયેલના 18માં અધ્યાયમાં દેવ પાપની શિક્ષા વિષે જણાવે છે- “જે જીવ પાપ કરે છે તે નાશ પામશે”-પરંતુ બીજા પાંચ વચનોમાં (નિર્ગમન 20:3-6, નિર્ગમન 34:7, ગણના 14:18, પુનર્નિયમ 5:9; યર્મિયા 32:18) આપણે અપરાધને એક પેઢીથી બીજી પેઢી સુધી ઉતરતા જોઈ શકીએ છીએ જેમાં જે સંદર્ભ તે પાપના પરિણામ અંગે છે. કેટલાક ચોક્કસ પાપો (જેવા કે મૂર્તિપૂજા) માટે કોઈ વ્યક્તિ જ સજા ભોગવે છે તેવું નથી પણ વધારે પ્રમાણમાં પરિણામો પણ ભોગવે છે. એક પેઢીથી બીજી પેઢી સુધી શેતાનિક શકિતોને દાખલ થવા માટેનું જાણે કે બારણું ખોલી નાંખે છે. આ પ્રકારના પાપના પરિણામો આગામી દરેક પેઢી અનુભવે છે. તેથી દેવ જ્યારે કોઈ ચોક્કસ નબળાઈની શિક્ષા કરે છે ત્યારે તે ન્યાયી છે જો કે તે પાપના પરિણામો તે વ્યક્તિના સંતાનો અને તેઓના સંતાનો સુધી લબાઈ છે. આ

કિસ્સામાં, જ્યાં સુધી કોઈ વ્યક્તિ જે તે પાપની કબૂલાત કરીને તે બંધનમાથી મુક્તિ માટે દાવો કરતી નથી ત્યાં સુધી દેવ હસ્તક્ષેપ કરીને તેને અટકાવતાં નથી, વારસાગત બંધનમાથી મુકત થવા માટે દેવનું વચન જે પ્રમાણે કરવા કહે છે તે પ્રમાણે આપણે કરવું જ પડશે.

# 3. કઈ બાબતો કૌટુંબિક બંધનોના દ્વાર ખોલે છે?

## શાપનું કારણ છે

**નીતિવચનો 26:2**
**જેમ ભટકતી ચકલી, અને જેમ ઉડતું અબાબીલ પક્ષી છે, તેમ વિનાકારણ દીધેલો શાપ (કોઈને માથે) ઊતરતો નથી.**

શાપનું કારણ છે. શાપ એમ જ લાગુ પડતો નથી. ચકલીઓ અને પક્ષીઓ આમ જ ઊડાઊડ નથી કરતાં પણ તેઓ "આંતરિક પ્રેરણા"થી દોરાઈને ઊડે છે. તે જ રીતે શાપ કોઈ અકસ્માતે જ કોઈના જીવનમાં આવે તેવું નથી બનતું; શાપ આવવાનું કોઈ ચોક્કસ કારણ હોય છે. તેથી જ્યારે આપણે આપણાં જીવનમાં શા માટે શાપ મળ્યો છે તે અંગે સભાન થઈએ ત્યારે આપણે તેને કેવી રીતે અટકાવી શકાય તે અંગેના જરૂરી ઉપાય પણ શોધી શકીશું. કેટલાક પ્રકારના શાપ જે આપણાં જીવનોમાં અપરાધ નોતરે છે અને વારસાગત બંધનો બની જાય છે તે અંગે અભ્યાસ કરીએ.

### જૂઠા દેવો કે મૂર્તિની આરાધના કરવી

આ પુસ્તકમાં અગાઉ આપણે આ અંગે જોઈ ગયા છીએ. જ્યારે કોઈ વ્યક્તિ જૂઠા દેવોની કે મૂર્તિની પૂજા કરે છે ત્યારે તે અપરાધ પેઢીઓ સુધી ચાલ્યા કરે છે (નિર્ગમન 20:5).

### અર્પણો અને બલિદાન

જૂઠા દેવ કે દેવી, જેનો કોઈક રીતે શેતાનિક પ્રભાવ છે તેની સમક્ષ, જ્યારે કોઈ વ્યક્તિ પોતાના બાળકનું કે પરિવારનું બલિદાન કે અર્પણ ચઢાવે છે ત્યારે તે વ્યક્તિ કૌટુંબિક કે વારસાગત બંધનનું દ્વાર ખોલે છે.

### સમ ખાવા કે બાધા રાખવી

સમ ખાવા, બાધા રાખવી, શપથ કે પ્રતિજ્ઞા લેવી એ એક પ્રકારની ગંભીર ખાતરી કે વચન છે કે જેના થકી વ્યક્તિ પોતાને કોઈ કાર્ય, સેવા કે શરત સાથે બાંધે છે. પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે,

પાપમય અને નકારાત્મક રીતે, કોઈ ભૂત પિશાચ કે શેતાનિક શક્તિઓ સમક્ષ રાખવામા આવતા શપથ કે પ્રતિજ્ઞા શેતાનિક શક્તિઓ માટે અને બંધનો માટેના દ્વાર ખોલે છે. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ મુર્તિ સમક્ષ પોતાના કોઈ કાર્યની સિદ્ધિ કે સફળતા માટે પ્રતિજ્ઞા લે છે કે કોઈ પ્રકારની માનતા મને છે તો તે પોતાને માટે અને આવનાર પેઢીઓ માટે બંધનોના દ્વાર ખોલે છે.

## પાપી કૃત્યો

જે પાપનો પસ્તાવો કરવામાં નથી આવ્યો તે પાપ શેતાનિક પ્રવૃતિઓ માટેનું દ્વાર ખુલ્લુ રાખે છે. દાઉદ રાજાનું ઉદાહરણ આને માટે પુરતુ છે (2જો શમુએલ 12મો અધ્યાય), બેથશેબાને પામવાની ઇચ્છા તેને વ્યભિચાર અને ખૂન કરવા સુધી દોરી ગઈ. નાથાન પ્રબોધકે દાઉદ રાજાને ચેતવણી આપી હતી કે દાઉદના તે પાપી કૃત્યને કારણે તલવાર તેના કુટુંબથી દૂર નહીં થાય.

**2જો શમુએલ 12:9-13**
**9 તેં શા માટે યહોવાનું વચન તુચ્છ ગણીને તેની દ્રષ્ટિમાં ભૂંડું કર્યું છે? ઊરિયા હિત્તીને તેં તરવારથી મરાવ્યો છે, ને તેને આમ્મોન પુત્રોની તરવારથી મારી નંખાવીને તેની પત્નીને તેં તારી પત્ની કરી લીધી છે.**
**10 તો હવે તરવાર તારા ઘરમાથી કડી દૂર થશે નહીં; કેમ કે તેં મને તુચ્છ કર્યો છે, ને ઊરિયા હિત્તિની પત્નીને લઈને પોતાની પત્ની કરી લીધી છે.**
**11 યહોવા એમ કહે છે કે, જો, હું તારા ઘરમાથી જ તારી વિરુદ્ધ ખલેલ ઊભી કરીશ, હું તારી નજર આગળ તારી સ્ત્રીઓને લઈને તે તારા પડોશીને આપીશ, ને આ સૂર્યના દેખતા તે તારી સ્ત્રીઓની આબરૂ લેશે.**
**12 કેમ કે તેં એ ગુપ્ત રીતે કર્યું છે; પણ હું આ કાર્ય સર્વ ઇસ્ત્રાએલના દેખતા તથા સૂર્યના દેખતા કરીશ.**
**13 અને દાઉદે નાથાનને કહ્યું કે, મેં યહોવાની વિરુદ્ધ પાપ કર્યું છે. અને નાથાને દાઉદને કહ્યું કે, યહોવાએ પણ તારું પાપ દૂર કર્યું છે; તું મરીશ નહીં.**

અત્રે "તરવાર" શબ્દ વિનાશ, હિંસા અને મરણ માટે વપરાયો છે. પોતાના પાપી કૃત્ય વડે, દાઉદે પોતાના કુટુંબ માટે વિનાશ, હિંસા અને મરણ માટેના દ્વાર ખોલી નાંખ્યા. દાઉદના દીકરા, આમોને, પોતાની બહેન ઉપર બળાત્કાર કર્યો અને વ્યભિચાર કર્યો. દાઉદના બીજા દીકરા, આબ્સાલોમે, પોતાના જ પિતા વિરુદ્ધ બળવો કર્યો.

પાપી કૃત્યોના પરિણામો ભોગવવા જ પડે છે; ક્યારેક તો આપણી કલ્પના કરતાં ઘણાં લાંબા સમય સુધી પણ ભોગવવા પડે છે. દાખલા તરીકે, જાણી જોઈને કરવામાં આવેલ ગર્ભપાત વિનાશ અને અપરાધના દ્વાર ખોલી નાંખે છે કે જ્યાં બધું જ તહસ નહસ થવા લાગે છે. જ્યારે કોઈ ગર્ભપાત કરાવે છે ત્યારે તેઓ મરણના આત્માને આવકારે છે જે બીજી બાબતોમાં વિનાશ

વેરે છે, જેમ કે વ્યવસાયમાં, ધંધામાં કે આર્થિક રીતે થતાં નુકશાન વિગેરે. જે પાપનો પસ્તાવો કરવામાં નથી આવ્યો તે શેતાનિક પ્રવૃતિઓ માટેના દ્વાર ખુલ્લા રાખવા સમાન છે. આપણે માટે એ ખૂબ અગત્યનું છે કે પાપને કબૂલ કરીએ, પસ્તાવો કરીએ અને ત્યજી દઈએ. જે પાપ આપણાં જીવનમાં વિનાશ વેરવા વાટ જોઈ રહ્યું તેને પરાજીત કરવાની જવાબદારી આપણી છે. કોઈપણ પ્રકારની શેતાનિક પ્રવૃતિને માટે જીવનના દ્વાર બંધ કરી દઈએ.

ઉત્પતિ 4:7
**જો તું સારું કરે, તો તું માન્ય નહીં થશે શું? પણ જો સારું ન કરે, તો પાપ તારે દ્વારે સંતાઈ રહે છે; અને તારી તરફ તેની ઈચ્છા થશે, ને તે પર તું ધણીપણું કરશે.**

ઉત્પતિ 4:7માં, કાઇન જ્યારે ભયંકર ગુસ્સામાં હતો તેના ભાઇનું ખૂન કરવા જતો હતો ત્યારે દેવ તેની સાથે વાત કરે છે. જે પાપ તેના જીવનમાં પ્રવેશ કરવા માટે તેના જીવનદ્વાર આગળ વાટ જોતું હતું તે અંગે દેવે તેને ચેતવણી આપી હતી. દેવે તેને પાપને પરાજીત કરવા માટે કહ્યું હતું. પરંતુ કાઈને પાપને પોતાના જીવનમાં પ્રવેશ કરવા દીધો અને પોતાના ભાઇનું ખૂન કર્યું.

## આઘાતજનક ઘટનાઓ અને અનુભવો

ઘવાયેલી લાગણીઓ પ્રતિ આપણે જે નકારાત્મક પ્રત્યાઘાત આપીએ છીએ તે વડે આપણે આપણાં જીવનોમાં અજાણ્યા ડરને પ્રવેશ કરવા માટેનું દ્વાર ખોલીએ છીએ જે આપણી આવનાર પેઢીમાં પણ જોઈ શકાય છે. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ ભયંકર કાર અકસ્માતમાથી બચી ગયા પછી ભાવનાત્મક રીતે એટલી હદે વ્યગ્ર થઈ જાય છે કે ભયનો આત્મા તે વ્યક્તિના જીવનમાં ઘર કરી જાય છે. તે વ્યક્તિ એટલી હદે ભયગ્રસ્ત બની જાય છે કે મુસાફરી કરતાં પણ ડરે છે અને કારમાં બેસતા પણ ડર અનુભવે છે. આ ડર તેની આવનાર પેઢીમાં પણ જોઈ શકાય છે અને તે વ્યક્તિના જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ તે ભ્યગ્રસ્ત જોવા મળે છે. કોઈ વ્હાલી વ્યક્તિની અણધારી વિદાય, કોઈ પ્રકારનું શોષણ, કોઈ અનિચ્છનીય ઘટનાના નજરસાક્ષી બનવું વિગેરે પ્રકારની બાબતો લોકોને ભયના બંધનમાં દોરી લઈ જાય છે.

## શાપ અને મેલીવિદ્યા

શાપ અને મેલીવિદ્યા સામાન્ય રીતે આપણાં જીવનોમાં વારસાગત બંધનોના દ્વાર ખોલે છે. આ બાબતો મુખ્યત્વે ત્રણ પ્રકારે કાર્યરત થતી જોવા મળે છે.

## સ્વયં સ્થાપિત શાપ

અજાણતા, આપણાં શબ્દો સ્વયં સ્થાપિત શાપ માટેનું કારણ બની શકે છે. હતાશામાં, નિરાશામાં, ગુસ્સામાં, નફરતમાં, ઈર્ષામાં, કે અતિશય દબાણગ્રસ્ત સ્થિતિમાં આપણે ઘણું બધુ બોલી નાંખતા હોઈએ છીએ. આપણાં જીવન, શરીર, દેખાવ, લાગણીઓ કે પોતાને વિષે બોલાયેલા નકારાત્મક શબ્દો આપણી જાતને જ શાપિત કરી શકે છે. આ પ્રકારના સ્વયં સ્થાપિત શાપ લોકો સાથેના આપણાં વર્તનને બાધિત કરે છે અને જીવનનાં આશીર્વાદોથી આપણને વંચિત રાખે છે. દાખલા તરીકે:

- "હું મારા માતા કે પિતા જેવો નહીં થવું" (કોઈક પોતાના બાળપણ અંગે ખુશ ન હોય)
- "હું ક્યારેય સંતાનો પેદા નહીં કરું" (કોઈ વ્યક્તિ નાના બાળકોની શાળામાં કે સન્ડે સ્કૂલમાં કામ કરતાં બાળકોના વર્તનથી પરેશાન થઈ હોય)
- "મારા સંતાનો ખૂબ જ ભયંકર છે" (જ્યારે વાલીઓ પોતાના સંતાનોને ભયંકર ગણાવે છે ત્યારે તેમના સંતાનોને ભયંકર બનવા પ્રેરે છે)
- "હું ક્યારેય શારીરિક સુખનો આનંદ નહીં માણું" (શારીરિક કે જાતિય રીતે જેમનું શોષણ થયું હોય તેવી વ્યક્તિ)
- "હું પુરુષ (સ્ત્રી)ને ધિકકારું છું"
- "હું ફરી ક્યારેય બીજા પુરુષ (સ્ત્રી)ને મારા જીવનમાં પ્રવેશ નહીં કરવા દઉં" (કોઇની સાથેનો સબંધ તૂટી ગયો હોય તે વ્યક્તિ)

### અગાઉની પેઢીમાથી ઉતારી આવેલ શાપ

અગાઉની પેઢીથી ઉતારી આવેલ શાપનો સ્વેચ્છાએ સ્વીકાર થયો હોય જે આવનાર પેઢીઓને પણ અસર કરે છે.

માથ્થી 27:25
ત્યારે લોકોએ ઉત્તર દીધો કે, એનું લોહી અમારે માથે તથા અમારા સંતાનને માથે.

### પોતા ઉપર કે કુટુંબના કોઈ સભ્ય પર કરવામાં આવેલ મંત્રતંત્ર/મેલીવિદ્યા

કોઈ વ્યક્તિએ પોતાના ઉપર કે પોતાના કુટુંબના કોઈ સભ્ય પર કરાવેલ જાદુવિદ્યા કે મંત્ર તંત્રની વારસાગત બંધનોના દ્વાર ખોલી નાંખે છે.

### કોઈ પ્રકારની ધૃણાસ્પદ કૌટુંબિક વિરાસત(પદાર્થ)ની હાજરી

કોઈ રહસ્યમય પરિવારિક પ્રથા કે જે મુર્તિ કે જુઠ્ઠા દેવોની પૂજા માટે કરવામાં આવતી હોય અને બની શકે કે શાપનું કારણ હોય, તો તેવી કૌટુંબિક ધરોહરની પરિવારના પ્રત્યેક સભ્યો ઘેલછા રાખે તે શા કામની? તે પ્રથા કે પદાર્થની પશ્ચાદભૂમિકા જાણ્યા વિના તેને ઘરમાં સ્થાન આપવું બંધનને નોતરે છે.

**પુનર્નિયમ 7:25-26**
**25 તેઓના દેવદેવીઓની કોતરેલી મૂર્તિઓ તમારે આગથી બાળી નાંખવી; તેઓના અંગ પરના રૂપા પર કે સોના પર તું લોભાતો નહીં, તેમ જ તે તારે માટે લેતો નહીં, રખેને તું તેમાં ફસાઈ પડે; કેમ કે યહોવા તારા દેવની નજરમાં એ અમંગળ છે;**
**26 અને તું કોઈ અમંગળ (વસ્તુ) તારા ઘરમાં લાવીને તેની પેઠે વિનાશપાત્ર થઈશ નહીં; તારે તે છેક ધિક્કારવું, ને તારે તેનાથી છેક કંટાળવું; કેમ કે તે તદ્દન વિનાશપાત્ર છે.**

## કુટુંબોના વડવાઓ(પિતા)ના નિર્ણયો

પિતાઓ દ્વારા જે નિર્ણયો લેવામાં આવે છે તે ખૂબ જ અગત્યના હોય છે કેમ કે તેઓ કુટુંબના અધ્યાત્મિક વડા પણ છે. ઘણીવાર, વારસાગત બંધનો ચોક્કસ પ્રકારની ધાર્મિક અને ધૃણાસ્પદ બાબતોમાં ભાગ લેવાને કારણે બનતા હોય છે. કોઈ જ્યોતિષીની મુલાકાત જે નુકશાનકારક લગતી નથી પણ વાસ્તવમાં તે વારસાગત બંધનનું બારણું ખોલે છે. કુટુંબના વડીલ વ્યક્તિ દ્વારા જ્યોતિષશાસ્ત્રમાં ભાગ લેવો, હસ્તરેખામાં વિશ્વાસ કરવો, જન્મકુંડલીમાં માનવું, સંમોહન, તાવીજ કે રાશિમણી ધારણ કરવા વિગેરે જેવી પ્રવૃતિઓ સંતાનોના જીવનોમાં શેતાનિક શક્તિઓના દ્વાર ખોલે છે અને આવનાર પેઢીઓમાં પણ તેની અસર વર્તાઇ શકે છે.

# 4. વ્યક્તિગત અને વારસાગત બંધનોને ઓળખવા

**યોહાન 10:10**
**ચોરી કરવા, મારી નાંખવા તથા નાશ કરવા સિવાય બીજી કોઈ મતલબથી ચોર આવતો નથી. તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું.**

દેવ આપણને ભરપુરીપણાનું જીવન આપવા માંગે છે. એ તો શેતાન છે કે જે ચોરી કરે છે, મારી નાંખે છે અને વિનાશ કરે છે. કૌટુંબિક બંધનો કુટુંબની વ્યક્તિઓને વિવિધ પ્રકારે અસર કરે છે તે બાબત સમજ્યા પછી, આપણે આપણાં વ્યક્તિગત જીવનો અને કુટુંબોમાં તપસ કરવાની જરૂર છે કે અત્રે કોઈ પ્રકારના વારસાગત બંધનો કે તેના લક્ષણો જોવા મળે છે કે કેમ. આવો આપણે આપણાં જીવનોની એક આત્મિક રૂપરેખા તૈયાર કરીએ કે જેથી આપણાં વ્યક્તિગત જીવનો કે કુટુંબોમા જો કોઈ પ્રકારના વારસાગત બંધનો હોય તો તેનો સમૂળો નાશ કરવામાં કારગત નિવડીએ.

## કારણો અને અસરો હંમેશા પ્રત્યક્ષ રીતે જોવા ન પણ મળે

આપણે ખ્યાલ રાખવો રહ્યો કે કારણો અને અસરો હંમેશા પ્રત્યક્ષ રૂપે જોવા ન પણ મળે. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ છે જે પોતાની નોકરીમાં ટકી શકતી નથી. બની શકે કે આ વ્યક્તિ દર છ મહિને નોકરી બદલી નાંખે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં, તે વ્યક્તિએ વાસ્તવિક કારણ જાણવા માટે બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. દાખલા તરીકે, આપણને ખબર પડે કે તે વ્યક્તિ જ ઝઘડાળું સ્વભાવનો છે અને તેથી જ કાર્યસ્થળે વારંવાર લોકો સાથે ઝઘડે છે. સહકર્મીઓ પ્રત્યે ઝઘડાળું હોવું તે કારણ હોય શકે છે પરંતુ તેની અસર જોવા મળે છે તે એ છે કે તે વ્યક્તિ કોઈ એક નોકરી સાચવી શકતો નથી અને વારંવાર નોકરી બદલવી પડે છે. હિંસા અને ઝઘડાનો આત્મા આ વ્યક્તિને સહકર્મીઓ સાથે ઝઘડો કરવા માટે અને અન્ય લોકોથી વિમુખ થવા માટે કારણભૂત હોય શકે છે.

બીજું એક ઉદાહરણ જોઈએ કે જ્યાં કોઈ એક કુટુંબમાં વારસાગત બંધન રૂપે અનિયંત્રિત ગુસ્સો જોવા મળે છે. આ જ કુટુંબનો કોઈ યુવાન વ્યક્તિ લગ્ન કરે છે પરંતુ ઝઘડાળું વર્તન કરવાનું ચાલુ જ રાખે છે, પરિણામ સ્વરૂપે, એ યુવાનના લગ્ન જીવનમાં ભંગાણ થાય છે અને મામલો છૂટાછેડા સુધી પહોંચે છે. વારસાગત બંધનનું કારણ અનિયંત્રિત ગુસ્સો છે પરતું તે વારસાગત બંધનની અસર લગ્ન જીવનમાં ભંગાણ સ્વરૂપે જોવા મળે છે.

આપણાં જીવનોમાં વ્યક્તિગત બંધનો કે વારસાગત બંધનોને ઓળખી કાઢવા માટે આપણે સમય કાઢીને પ્રયત્ન પૂર્વક તપાસ કરવી જ જોઈએ. આવો આપણે આપણાં વ્યક્તિગત અને કૌટુંબિક જીવનો તપાસીએ કે કોઈ વારસાગત બંધનો છે કે નહીં. આવો આપણે આપણાં કુટુંબના એક એક સભ્યની જીવનશૈલી અંગે વિચારીએ અને તેઓના જીવનમાં કોઈ અયોગ્ય વર્તણૂક કે વારંવાર ઉદભવતા પ્રશ્નોને ઓળખી કાઢીએ. કદાચ આપણાં દાદાના સમયમાં કોઈક કુટુંબીજનનું આકસ્મિક અકાળે અવસાન થયું હોય. ત્યારબાદ પપ્પાનાં ભાઈ પણ ભરયુવાનીમાં જ મરણ પામ્યા હોય, અને એચએએલ આપણે આપની અગાઉની પેઢીઓમાં બનેલી ઘટનાઓથી ભયભીત થઈને જીવતા હોઈએ. જો કોઈ પ્રકારના વારસાગત બંધનને આપણે ઓળખી કાઢીએ છીએ તો તે માટેના દ્વાર આપણે તત્કાળ બંધ કરી દેવા જોઈએ. આમ કરવાથી આપણે સુનિશ્ચિત કરીએ છીએ કે જે તે બંધન આવનાર પેઢીમાં પ્રવેશ કરે નહીં. આપણાં જીવનમાં કોઈક પાપ કે દુષ્ટ કૃત્ય કુટુંબને માટે બંધન બની શકે તેમ છે કે જેને કારણે આપણને અફસોસ થાય છે તો આપણે પસ્તાવો કરીને તેને ત્યજી દઈને મુક્ત બનવું જ રહ્યું!

## આપણે મુક્ત થઈ શકીએ છીએ

સુસમાચાર છે કે જ્યારે આપણે સત્યને જાણીએ છીએ, ત્યારે તે સત્ય આપણને મુક્ત કરે છે. ઇસુ ખ્રિસ્ત આપણને મુક્તિ આપી શકે છે!

**યોહાન 8:32,36**
**32 અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે.**
**36 માટે જો દીકરો તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો.**

# 5. આ સઘળાથી આપણે કેવી રીતે મુક્તિ પામી શકીએ?

## મુક્ત થવા માટેનો અધિકાર આપણને વધસ્તંભથી પ્રાપ્ત થાય છે

**1લો યોહાન 3:8**
**જે પાપ કરે છે તે શેતાનનો છે, કેમ કે શેતાન આરંભથી પાપ કરે છે. શેતાનના કામનો નાશ કરવા માટે દેવનો પુત્ર પ્રગટ થયો.**

આપણી મુક્તિ વધસ્તંભ પર સિદ્ધ થઈ છે. આપણાં જીવનોમાં વ્યાપ્ત કોઈપણ પ્રકારના દુષ્ટ અને શેતાનિક કાર્યોનો નાશ કરવા સારું ઇસુ આવ્યા. ઇસુ શા માટે આ જગતમાં આવ્યા? ઇસુ આપણને કોઈ નવો ધર્મ આપવા માટે કે નવી વિચારધારા આપવા માટે નથી આવ્યા. લોકોનાં જીવનોમાં વ્યાપ્ત દુષ્ટ અને શેતાનિક કૃત્યોનો નાશ કરવા માટે ઇસુ આવ્યા. આપણે આપણાં જીવનોમાં દુષ્ટ કાર્યો અને શેતાનની જોહુકમી સહન કરવાની કોઈ જરૂર નથી.

આજકાલ આ જગતમાં ઘણાં બધાં લોકો છે કે જેઓ આપણને નવી વિચારધારા, યુક્તિ અને નવો ધર્મ પ્રસ્તુત કરે છે. અલબત્ત, કોઈ આગળ આવીને કહેતું નથી, "હું શેતાનના કાર્યોનો નાશ કરી શકું છું." કેવળ ઇસુ જ આ કાર્ય કરી શકે છે.

**હિબ્રૂ 2:14**
**તો છોકરા માંસ તથા લોહીના (બનેલા) હોય છે, માટે તે પણ તે જ રીતે તેઓનો ભાગીદાર થયો; કે જેથી તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો, નાશ કરે;**

ઇસુએ પોતાના મરણ વડે, શેતાનનો કે જેની પાસે મરણનો અધિકાર હતો, તેનો વિનાશ કર્યો છે અને તેને અધિકારહીન બનાવી દીધો છે. ઈતિહાસમાં ક્યારેય ન બન્યું હોય તેવું કાર્ય વધસ્તંભ પર સિદ્ધ કરવામાં આવ્યું કે જ્યાં વધસ્તંભ એ કોઈ પરાજયનું નહીં પણ મહાન વિજયનું સ્થળ બન્યું છે! વધસ્તંભ જ એવી જગ્યા છે કે જ્યાં ઇસુએ શેતાનને પરાજિત કર્યો. ઇસુએ પોતાને માટે આવું કઈ કરવાની જરૂર જ ન હતી કેમ કે ઇસુ તો આજે, કાલે અને સદાકાળ શેતાન કરતાં ઉચ્ચ સ્થાન પર જ બિરાજમાન છે. ઇસુએ આ સઘળું આપણાં માટે કર્યું-આપણાં પ્રતિનિધિ બનીને આપણે બદલે.

**કોલોસ્સી 2:14-15**

**14 અને વિધિઓનું ખત જે આપણી વિરુદ્ધ હતું, અને આપણને પ્રતિકૂળ હતું, તેણે ભૂંસી નાંખીને તથા વધસ્તંભે તેને ખીલા મારીને વચમાથી કાઢી નાંખ્યું;**
**15 અને રાજ્યો તથા અધિકારોને તોડી પાડીને, વધસ્તંભે તેઓ પર જય મેળવીને તેઓને (જાહેર રીતે) ઉઘાડા પાડ્યા.**

હકૂમત અને સત્તાઓ શેતાની અને રાક્ષસી છે. વધસ્તંભ પર, ઇસુએ તેને ધ્વસ્ત અને સત્તાવિહીન કરીને તેના પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે.

**એફેસી 6:12**
**કેમ કે આપણું આ યુદ્ધ રક્ત તથા માંસની સામે નથી પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાના આત્મિક (લશકરો) ની સામે છે.**

ઇસુએ શેતાનને અને અંધકારની સત્તાને પરાજિત કરીને, સત્તાવિહીન કરીને જગત સમક્ષ વધસ્તંભ પર પોતાના વિજયને પ્રગટ કર્યો છે. એ જ ઇસુ આપણાં જીવનોમાં પણ દાખલ થઈને આપણને કોઈપણ અને દરેક પ્રકારના રાક્ષસી અને શેતાની બંધનોથી સંપૂર્ણ રીતે મુક્તિ અપાવી શકે છે. મને અને તમને આ કેવી રીતે અસર કરે છે?

**કોલોસ્સી 1:13-14**
**13 તેણે અંધકારના અધિકારમાથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યાં.**
**14 તેનામાં આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી, છે.**

આ રીતે, ઇસુએ આપણને રાક્ષસી અને અંધકારની હકૂમત અને અધિકારથી છોડાવ્યા છે. જે ક્ષણે આપણે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાનું શરૂ કરીએ છીએ, તે જ ક્ષણથી આપણાં જીવનો પરથી શેતાનનો તમામ અધિકાર અને હકૂમત સમાપ્ત થઈ જાય છે, કેમ કે આપણને છુટકારો અપાવીને મુક્ત કરવામાં આવ્યા છે. આપણને બીજા અને અલગ પ્રકારના રાજ્યમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે, અને આ પ્રકારે આપણે ઇસુ ખ્રિસ્તના રાજ્યના નાગરિકો બનીએ છીએ. આપણે હવે શેતાનના રાજ્યના નાગરિકો નથી અને તેથી અંધકારની સત્તાઓને આપણાં જીવનમાં કોઈ અધિકાર નથી કે આપણાં જીવ, આત્મા અને શરીર પર કોઈ પ્રકારે હકૂમત પણ નથી. સિવાય આપણે શેતાનને આપણાં જીવનમાં પ્રવેશ કરવા દઈએ તો જ તેને અધિકાર મળે છે. આ અંગે શાસ્ત્ર આપણને ચેતવણી આપે છે, "અને શેતાનને સ્થાન ન આપો" (એફેસી 4:27). તેથી, તમારા જીવનના દ્વાર શેતાન માટે બંધ કરી દો. કોઈ પ્રકારે શેતાનને તમારા જીવનમાં પ્રવેશ કરવા દેશો નહીં!

## રક્તનું સામર્થ્ય

**1લો પિતર 1:18-19**
**18 કેમ કે તમે જાણો છો કે તમારા પૂર્વજોથી ચાલતા આવેલા અવરથા આચરણથી વિનાશી વસ્તુઓ વડે, એટલે રૂપા અથવા સોના વડે નહીં;**
**19 પણ ખ્રિસ્તમાં જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે, તેના મૂલ્યવાન રક્તથી તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે;**

એશિયા માઇનોરના સમગ્ર રોમન રાજયમાં પથરાયેલ યહૂદી અને વિદેશીઓની મિશ્રિત મંડળીઓને પ્રેરિત પિતર સંબોધન કરે છે. પ્રેરિત પિતર યહૂદી અને વિદેશી બંને પ્રકારના વિશ્વાસીઓને સંબોધતા કહે છે કે આપણાં પૂર્વજો દ્વારા વારસામાં મળેલ અર્થહીન જીવનથી આપણને છોડાવવામાં આવ્યા છે. અહીં પિતર જે છૂટકારા અંગે વર્ણન કરે છે તે પાખંડી ધર્મ, અંધશ્રદ્ધા અને ફરોશીઓ દ્વારા સ્થાપિત ખોટા સિદ્ધાંતોથી મુક્તિ અંગે છે.

ઈસુના રકતે આપણાં અંતે ઘણી બધી બાબતોમાં કાર્ય કર્યું છે-ઈસુના રકતે આપણાં પાપો ધોઈ નાંખ્યા છે અને આપણને શેતાનના સામર્થ્યથી છોડાવ્યા છે. ઈસુના રકતે આપણને પૂર્વજો દ્વારા વારસામાં મળેલ અવરથાના આચરણવાળી જીવનશૈલીથી છુટકારો અપાવ્યો છે. આપણાં પૂર્વજોની જીવનશૈલી કે જે કોઈ ચોક્કસ પ્રકારની પૂજા અર્ચના વડે શેતાની શક્તિઓને આપણાં જીવનોમાં પ્રવેશ કરાવે છે કે તેનો વારસો ગમે તે હોય, ઇસુનું રક્ત આપણને તે સઘળાથી મુક્તિ અપાવે છે! આપણાં માટે વહેવડાવાયેલું ઇસુનું રક્ત આપણને દરેક અને તમામ પ્રકારના શેતાની બંધનો, પાપગ્રસ્ત જીવન, અયોગ્ય વર્તનની ટેવ, જુઠ્ઠા સમ ખાવા, ખોટા વચનો આપવા કે પૂર્વજો દ્વારા ઉતારી આવેલ શાપ વિગેરેથી મુક્ત થવા અધિકાર આપે છે.

## જેલના દ્વાર ખુલ્લા છે-છુટકારો પામવા તમારે બહાર નીકળવું પડશે

જેલના દ્વાર તો ખુલ્લા છે, પણ આપણે જેલમાથી છુટકારો પામવા માટે બહાર નીકળવું પડશે. આપણને છુટકારો અપાવવા માટે ઇસુએ જે કરવું પડે તે બધું જ કર્યું છે. ઇસુએ પોતાનું રક્ત વહેવડાવ્યું છે; શેતાનના સર્વ કૃત્યોનો વિનાશ કરીને તેને પરાજિત કર્યો છે. પરંતુ હવે આપણે ખુલ્લા દ્વારમાથી બહાર નીકળી આવીને છૂટકારાને સ્વીકારવાની જરૂર છે. ઇસુએ કહ્યું, *"અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુકત કરશે માટે જો દીકરો તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો"* (યોહાન 8:32,36). અવગણના આપણને બંધનમાં બાંધી રાખે છે. પરંતુ સત્યને જાણવાથી આપણને છૂટકારાની તક પ્રાપ્ત થાય છે.

## તમે આશીર્વાદ પામ્યા છો!

**અફેસી 1:3**
**આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તનો દેવ તથા બાપ સ્તુત્ય હો; તેણે સ્વર્ગીય (સ્થાનો)માં દરેક આત્મિક આશીર્વાદથી આપણને ખ્રિસ્તમાં આશીર્વાદિત કર્યાં છે;**

દેવે તમને સ્વર્ગમાં આવતા સર્વ આશીર્વાદોથી આશીર્વાદિત કર્યા છે. સ્વર્ગમાથી આવતા પ્રત્યેક આત્મિક આશીર્વાદો તમારે માટે છે, કેમ કે દેવ ઇચ્છે છે કે તમે આશીર્વાદ પામો! દેવ તમારી પડખે છે, તમારી વિરુદ્ધમાં નથી.

## હંમેશાને માટે સર્વ દ્વાર બંધ કરી દો

**માથ્થી 12:43-45**
**43 માણસમાથી નીકળ્યા પછી અશુદ્ધ આત્મા ઉજ્જળ જગામાં વિસામો શોધતો ફરે છે, પણ નથી પામતો;**
**44 ત્યારે તે કહે છે કે, જે ઘરમાથી હું નીકળ્યો તેમાં જ હું પાછો જઈશ; અને જ્યારે તે આવે છે ત્યારે ખાલી તથા વાળેલું તથા વ્યવસ્થિત તે તેને જુએ છે.**
**45 પછી જઈને પોતા કરતાં ભૂંડા બીજા સાત આત્માઓને તે પોતાની સાથે લેતો આવે છે, ને તેઓ તેમાં પેસીને ત્યાં રહે છે; અને તે માણસની છેલ્લી અવસ્થા પહેલીના કરતાં ભૂંડી થાય છે. તેમ આ દુષ્ટ પેઢીને પણ થશે.**

શેતાન શત્રુ કેવી રીતે કાર્ય કરે છે તે અંગે પ્રભુ ઇસુ આપણને સમજણ આપે છે. જ્યારે શેતાન શત્રુને તેણે અધિગ્રહણ કરેલ સત્તાક્ષેત્રથી હાંકી કાઢવામાં આવે છે ત્યારે તે વધુ બમણા જોરથી પરત ફરવા હુમલો કરે છે. અને તે જ કારણથી હ્રદયના દ્વાર બંધ રાખવા ખૂબ જ મહત્વનુ છે. દાખલા તરીકે, જો તમે અશ્લીલ વિડીયો જોવા માટે હ્રદયના દ્વાર ખુલ્લા રાખ્યા હતા જેનાથી છુટકારો પામવા તમે પસ્તાવો કર્યો છે, પરંતુ તમારા હ્રદયના દ્વાર બંધ કરી દેવાને બદલે, તમે થોડી માત્રામાં અશ્લીલ વિડીયો કે દ્રશ્યો જોવાનું ચાલુ રાખો છો તો તમે પહેલા કરતાં પણ વધુ બદત્તર સ્થિતિમાં મુકાશો તે નક્કી છે. આમ થશે જ કારણ કે શેતાન શત્રુ જ્યારે બીજીવાર જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે બમણા આવેગથી કાર્ય કરે છે. જ્યારે તમે કોઈ ચોક્કસ બંધનથી મુક્ત થવાનું નક્કી કરો છો ત્યારે શેતાન શત્રુ તે જ બાબતમાં વધુ તીવ્રતાથી હુમલો કરે છે. શુદ્ધતાની અસર ત્યાં સુધી જ જોવા મળે છે જ્યાં સુધી તમે શેતાન શત્રુને સતત પસ્તાવા રહિત પાપ કરીને બીજી તક આપો છો. શેતાનને આપણાં જીવનોમાં પ્રવેશતો રોકવા માટે આપણે આપણાં હ્રદયના દ્વાર સંપૂર્ણપણે અને હંમેશાને માટે બંધ કરી દેવા પડશે.

## આપણાં પોતાના અને પૂર્વજોના પાપો ત્યજી દેવા અને તે અંગે પસ્તાવો કરવો

**લેવીય 26:39-42**
**39 અને તમારામાના જેટલા બાકી રહેશે તેટલા તમારા શત્રુઓના દેશ મધ્યે તેઓના અન્યાયમાં ઝૂરી ઝૂરીને મરશે; અને વળી તેઓના પિતૃઓના અન્યાયમાં પણ તેઓ તેઓની સાથે ઝૂર ઝૂરીને મરશે.**
**40 અને મારી વિરુદ્ધ જે ઉલ્લંઘન તેઓએ કર્યું તેમાં તેમનો અન્યાય તથા તેમના પિતૃઓનો અન્યાય તેઓ કબૂલ કરશે, ને એ પણ કબૂલ કરશે કે તેઓ અમરથી ઉલટા ચાલ્યા.**
**41 તેથી હું પણ તેઓથી ઊલટો ચાલ્યો, ને તેમના શત્રુઓના દેશમાં તેઓને લાવ્યો; તે વખતે જો તેઓનું બેસુન્નત હ્રદય નમ્ર થયું હશે, અને તેઓ પોતાના અન્યાયની શિક્ષા કબૂલ કરશે;**
**42 તો હું યાકુબની આગળ કરેલા મારા કરારનું સ્મરણ કરીશ; અને વળી ઇશાહકની આગળ કરેલા મારા કરારનું તથા ઇબ્રાહિમની આગળ કરેલા મારા કરારનું હું સ્મરણ કરીશ; અને હું દેશનું સ્મરણ કરીશ.**

અત્રે, દેવ પોતાના લોકોને કહે છે કે અગાઉની પેઢીએ કરેલા પાપો માટે અત્યારની પેઢીએ પસ્તાવો કરવો. આપણને શાસ્ત્રમાથી આને લગતા અન્ય ઉદાહરણો મળે છે.

**યર્મિયા 14:20**
**હે યહોવા, અમે અમારી દુષ્ટતા, અમારા પૂર્વજોના અપરાધ કબૂલ કરીએ છીએ; કેમ કે તારી વિરુદ્ધ અમે પાપ કર્યું છે.**

એઝરા, નહેમ્યાહ અને દાનીએલે પણ પોતાના પૂર્વજોએ આચરેલા પાપો માટે પસ્તાવો કર્યો છે. તેથી મારે અને તમારે માટે શાસ્ત્રમાં એ આદેશ છે આપણાં પૂર્વજોએ કરેલા પાપો માટે આપણે પ્રાર્થના કરીએ અને પસ્તાવો કરીએ.

## ઈશ્વર સ્થાપિત અધિકારનું માળખું

આ જગતમાં ઈશ્વર સ્થાપિત અધિકારનું માળખું છે કે જેના દ્વારા ઈશ્વર કાર્ય કરે છે, જેનો શેતાન આદર કરે છે.

### પિતા કે પતિનો અધિકાર

**1લો કરીન્થિ 11:3**
**પણ હું તમને જણાવવા ઈચ્છું છું કે દરેક પુરુષનું શિર ખ્રિસ્ત છે; અને સ્ત્રીનું શિર પુરુષ છે; અને ખ્રિસ્તનું શિર દેવ છે.**

પત્નીનો અધિપતિ પતિ છે. પતિ કે પિતા કુટુંબનો આત્મિક દરવાન કે સુરક્ષાકર્મી છે. દેવે જે અધિકારક્ષેત્રનું માળખું રચ્યું છે તે દ્વારા આત્મિક અધિકાર વહેતો થાય છે. કુટુંબમાં શેતાન

શત્રુના પ્રભાવને પ્રવેશ કરવા દેવો કે નહીં તે પતિ કે પિતા પર નિર્ભર છે. પત્ની અને કુટુંબની આત્મિક સુરક્ષા એ પતિની જવાબદારી અને હક છે. પતિઓએ પોતાના અધિકારનો ઉપયોગ કરીને શેતાન શત્રુના દુષ્ટ કાર્યોને અને તેના પ્રભાવને પત્ની અને બાળકો મધ્યે પ્રવેશતા અટકાવવા માટે દ્વાર બંધ કરવા જ જોઈએ.

## વિશ્વાસી જીવનસાથી કે વાલીનો અધિકાર

**1લો કરીન્થિ 7:14**
**કેમ કે અવિશ્વાસી પતિ (વિશ્વાસી) પત્નીથી પવિત્ર થયેલો છે, અને અવિશ્વાસી સ્ત્રી (વિશ્વાસી) પતિથી પવિત્ર થયેલી છે; નહીં તો તમારા બાળકો અશુદ્ધ હોત, પણ હવે તેઓ પવિત્ર છે.**

આ રીતે, યુગલો મધ્યે કોઈ એક સાથીદાર પ્રભુમાં ન હોય ત્યારે, જે સાથીદાર પ્રભુમાં છે તે અવિશ્વાસી સાથીદારને આત્મિક બાબતોમાં આત્મિક રીતે પ્રભાવિત કરી શકે છે. જો તમે પ્રભુના વિશ્વાસમાં છો તો, તમે તમારા અવિશ્વાસી સાથીદારને તમારા વિશ્વાસ વડે મદદ કરીને બદલાણ લાવી શકો છો. જે બાળકો પ્રભુ પરના વિશ્વાસના ઐક્યથી બહાર છે તેઓને પણ વિશ્વાસમાં લાવી શકાય છે.

## વર્તમાન પેઢીનો અધિકાર

આપણે આપણાં પરિવારના વર્તમાન પ્રતિનિધિઓએ હોવાને નાતે, લેવીય 26:39-42માં જણાવ્યા પ્રમાણે અગાઉની પેઢીએ કરેલા કરારો, લીધેલા સોગંદ અને અર્પણો આપણને અધિકાર છે.

# વારંવાર પુછાતા પ્રશ્નો

**પ્ર.1. જ્યારે હું ખ્રિસ્તનો મારા અંગત તારનાર તરીકે સ્વીકાર કરું છું, ત્યારે હું વિશ્વાસ કરું છું કે ઇસુનું રક્ત મારા સઘળા પાપથી મને શુદ્ધ કરે છે. તો શા માટે હું હજી મારા પૂર્વજોના અપરાધ હેઠળ છું? શું ઇસુનું રક્ત તે અપરાધને પણ શુદ્ધ કરતું નથી? જ્યારે દેવે મને છૂટકરો અપાવ્યો છે, તો શું તે છુટકારો સઘળા બંધનોને લાગુ પડતો નથી? તો શા માટે મારે વારસાગત બંધનો સાથે નિશ્ચિતપણે લડવું પડે છે?**

જ્યારે આપણે ઇસુ ખ્રિસ્તનો અંગત તારનાર તરીકે સ્વીકાર કરીએ છીએ, ત્યારે આપણે ખરેખર આત્મામાં નવો જન્મ પામીએ છીએ અને આની ઉત્પતિ બનીએ છીએ. ઇસુ ખ્રિસ્તનું રક્ત આપણાં સઘળા પાપોને ધોઈ નાંખે છે. અલબત્ત, આપણાં પૂર્વજોના અપરાધ વડે શેતાનિક બંધનો માટે ખોલાયેલા દ્વાર જે આપણાં જીવ, મન, હ્રદય, અને લાગણીઓ, શરીર અને જીવનના અનુભવોને અસર કરે છે તે સમસ્યા છે. જ્યારે દેવ તેમના રક્ત વડે આપણાં પાપોને શુદ્ધ કરીને બચાવે છે ત્યારે તેઓ આપણાં જીવ, શરીર અને સંજોગોને બદલતા નથી.

દાખલા તરીક, જ્યારે તમે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ત્યારે તમારા સફેદ થતાં વાળ હજી પણ સફેદ થવાનાં જ છે અને થતાં જ રહેશે! અથવા તો નવો જન્મ ધારણ કર્યા અગાઉ, તમારી ઊંચાઈ છ ફૂટ હતી, તો ઇસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યા પછી પણ તમારી ઊંચાઈ એટલી જ રહેશે. વાસ્તવમાં, તમે આત્મામાં નવી ઉત્પતિ બનો છો, પરંતુ ઘણાં બંધનો જે તમારા જીવ, શરીર અને સંજોગોમાં અગાઉથી વ્યાપ્ત છે તે તો ચાલુ જ રહેવાનાં છે.

ઘણાં બધાં વિશ્વાસીઓના દાખલા આપણે જોઈએ છીએ જેઓ દેવની દ્રષ્ટિમાં ન્યાયી સાબિત થયા છે પરંતુ હજી પણ તેઓ પાપી કુટેવો, ભાવનાત્મક પ્રશ્નો વિગેરે જેવી બાબતોમાં સંઘર્ષ કરતાં જોવા મળે છે. તેથી વારસાગત બંધનો સાથે કામ પાર પાડવું પડશે.

**પ્ર.2. નિર્ગમન 20:5-6 પ્રમાણે, જેઓ દેવને ધિક્કારે છે તેઓના અપરાધ દેવ ધ્યાનમાં લે છે અને જેઓ દેવને પ્રેમ કરે છે તેઓ પ્રત્યે દેવ દયા દાખવે છે. હું દેવને ધિક્કારતો નથી. પણ હું તો દેવને પ્રેમ કરું છું તો મારે વારસાગત બંધનોને તોડવાની જરૂર અંગે શા માટે ચિંતા કરવી જોઈએ?**

પ્રથમ પ્રશ્નના ઉત્તર જેવો જ આ પ્રશ્નનો ઉત્તર છે. આપણે આપણાં હૃદયથી દેવને પ્રેમ કરીએ છીએ, અને છતાં ઘણીવાર આપણાં જીવ અને શરીરમાં બંધનો અને જીવનના સંજોગોને આધીન શેતાન શત્રુના દુષ્ટ કાર્યો હોય શકે છે. દેવ કહેતા નથી કે, "તમારે બદલે હું શેતાનનો પ્રતિકાર કરીશ." પણ દેવ તો કહે છે કે, "તમે શેતાનનો પ્રતિકાર કરો."

## પ્ર.3. જો હું વારસાગત બંધનોને તોડું નહીં તો શું હું વારસાગત આશીર્વાદોને શરૂ કરનાર બની શકું નહીં?

જ્યારે તમે ખ્રિસ્તમાં પ્રવેશ કરો છો, ત્યારે તમે આપોઆપ જ ઇબ્રાહિમના આશીર્વાદો અને ખ્રિસ્તમાં તમે જે રીતે જોડાયેલા છો તેના આશીર્વાદોના પ્રચારક કે વૃદ્ધિ કરનાર બની જાવ છો. તેથી તમે અગાઉની પેઢીના બંધનો જે તમારે ત્યજી દેવાના છે તેને લઈને ચાલતા હોવા છતાં તમારા સંતાનો અને હવે પછીની પેઢી માટે આશીષો શરૂ કરનાર અને તેની વૃદ્ધિ કરનાર બની જાવ છો. અલબત્ત, તમારી આવનાર પેઢી પર આનો પ્રભાવ કેટલી હદ સુધી ફેલાવી શકો છો તેનો આધાર દેવ પ્રત્યેની તમારી અધીનતા અને તમારી જીવા જીવવાની રીત પર નિર્ભર કરે છે. જો તમે આળસુ બનીને વિચારશો કે, "મારો તો બચાવ થઈ ગયો છે, મારો 'વીમો' તો પાક્કો છે, મારે માટે આટલું પુરતુ છે! હું તો નક્કી સ્વર્ગમાં પ્રવેશ કરી શકીશ." આમ વિચારતા જીવન જીવે જશો તો તમારી આવનાર પેઢી પર તમારો પ્રભાવ અને આત્મિકતા જેટલા હોવા જોઈએ તેટલા નહીં હોય. પરંતુ તમે એ વ્યક્તિ છો જે દેવ ભણી મીટ માંડીને-દેવની બાબતોમાં, આત્મામાં અને શબ્દોમાં-આગળ ધપે છે તો તેનો પ્રભાવ આવનાર પેઢીઓ પર વધુ અસરકારક હશે.

## પ્ર.4. શું હું છીંડામાં ઊભો રહીને મારા સમગ્ર પરિવાર વતી દેવની માફી માંગી શકું, કે મારા પરિવારના દરેક સભ્યએ વ્યક્તિગત રીતે માફી માંગવી જોઈએ?

દેવે જે અધિકારનું માળખું સ્થાપિત કર્યું છે તે દ્વારા દેવ કાર્ય કરે છે. તે અધિકારના માળખાના સદગુણ થકી તમે કેટલીક હદે તમારી અગાઉની પેઢીના કુટુંબીજનોને પ્રભાવિત કરી શકો છો પરંતુ તમારા આત્મિક નિર્ણયોની અસર હવે પછીની પેઢી અનુભવ કરી શકશે કે જેઓ તમારા પ્રભાવ ક્ષેત્રોની અંદર છે. જે કુટુંબીજનો તમારાથી મોટા કે તમારી ઉંમરના છે, તેઓ પોતાની રીતે જ નિર્ણયો લેશે, પરંતુ તમે તેઓને પ્રાર્થના વડે આત્મિક રીતે પ્રભાવિત કરી શકો છો. આપણે આપણાં પરિવારના વર્તમાન પ્રતિનિધિઓએ હોવાને નાતે, અગાઉની પેઢી દ્વારા કરવામાં આવેલ કરારો, વચનો અને સોગંદ અંગે આપણને અધિકાર છે અને તે અંગે બદલાવનો જે કોઈ નિર્ણય આપણે કરીએ તેની અસર હવે પછીની પેઢીને થશે.

## પ્ર.5. જે અપરાધ વારસાગત બંધન તરફ દોરી લઈ જાય છે તેના કારણ/મૂળને જાણવું/શોધવું શું જરૂરી છે?

લોકોએ જે અનુભવ્યું છે તેને આધારે, મોટાભાગના કિસ્સાઓમાં વારસાગત બંધનોને અને શપથ તથા વચનો વડે શેતાને જે પ્રવેશ મેળવ્યો છે તેને તોડવા સામાન્ય રીતે શપથ અને શાપનો ત્યાગ કરવો જ પુરતુ છે. પરંતુ કેટલાક જૂજ કિસ્સાઓમાં, વારસાગત બંધનોનું અસ્તિત્વ ચાલુ જ રહે છે અને ઊંડે ઉતારીને વધુ મજબૂત બને છે. આને માટે, આપણે તેને ઉલટાવી નાંખવાના હેતુથી તેના મૂળ સુધી પહોંચીને શોધ કરવી જરૂરી છે કે કયા પૂર્વજે કઈ ચોક્કસ પરિસ્થિતિમાં પરિવારમાં શેતાનને પ્રવેશવા અધિકાર આપ્યો. ઘણીવાર, પવિત્ર આત્મા આપણને ઉત્તર આપે છે, અથવા આપણે આપણાં પરિવારના ઈતિહાસથી વાકેફ કોઈ વ્યક્તિની મદદથી માહિતી મેળવી શકીએ છીએ.

## પ્ર.6. શું શાપ વિશ્વાસીઓને પ્રભાવિત કરે છે?

જવાબ "ના" છે. "યાકુબ પર નિશ્ચે કઈ મંત્ર નહીં ચાલે, અને ઇસ્રાએલ પર કઈ શકૂન ચાલે નહીં" (ગણના 23:23અ). અલબત્ત, આપણે શેતાનને જેટલી હદે પ્રવેશ કરવા દઈએ તેટલો જ અધિકાર પ્રાપ્ત કરી શકે છે. દાખલા તરીકે, જ્યારે વિશ્વાસીઓ છાનામાના ગુપ્તમાં છબછબિયાં કરે, ભયમાં વિચરે, કે તેઓના જીવનમાં કોઈક ક્ષણે શેતાનને પ્રવેશ કરવા દે, તે બાબતો તેઓને શેતાનની પ્રવૃતિઓ માટે કમજોર બનાવે છે. તેથી વિશ્વાસીઓ માટે એ અગત્યનું છે કે તેઓ દેવની અધીનતામાં ચાલે.

## પ્ર.7. આપણાં દેવ શા માટે ઈર્ષાળુ દેવ છે?

તમે જ્યારે શાસ્ત્રમાં અભ્યાસ કરો છો, લગભગ દરેક સમયે આપણે દેવને પોતાને ઈર્ષાળુ દેવ તરીકે વર્ણન કરતાં જોઈએ છીએ, વિશેષ કરીને અન્ય દેવો અને જુઠ્ઠા દેવોની આરાધના કરવાની વાત આવે છે ત્યારે. આપણે જ્યારે જુઠ્ઠા દેવોની આરાધના કરીએ છીએ ત્યારે દેવ ઈર્ષાળુ બની જાય છે કારણ કે:

- જીવતા દેવની આરાધના કરવી એ પ્રકારનો જે પ્રાથમિક હેતુ છે તેનું ઉલ્લંઘન થાય છે. માત્ર તેમની અને તેમની જ આરાધના કરવા માટે આપણું સર્જન કરવામાં આવ્યું છે. *"કેમ કે તારે કોઈ અન્ય દેવની પુજા કરવી નહીં; કેમ કે હું યહોવા છું, અને મારૂ માન કોઈ*

*બીજાને આપવા ન દઉં એવો દેવ છું"* (નિર્ગમન 34:14).

- તે પોતાનું ગૌરવ બીજાને આપતા નથી. *"હું યહોવા છું; એજ મારૂ નામ છે; હું મારૂ ગૌરવ બીજાને, તથા મારી સ્તુતિ કોરેલી મૂર્તિઓને આપવા દઇશ નહીં"* (યશાયા 42:8). જ્યારે કોઈ દેવને જે ગૌરવ આપવું જોઈએ તે કોઈ અન્યને આપે છે, ત્યારે દેવ તે સહન કરી શકતા નથી.
- આપણે દેવને ખોટી રીતે પ્રદર્શિત કરીએ છીએ. તે દેવની પ્રતિભાને બદલી નાંખીને તે જે ખરેખર-સર્જનહાર છે તેથી વિપરીત કરી નાંખે છે. "વળી પવિત્ર(દેવ) પૂછે છે, તમે મને કોની સાથે સરખાવશો કે, હું તેના જેવો ગણાઉં?" (યશાયા 40:25). દાખલા તરીકે, કોઈએ તમારો ફોટો પાડવાનો હોય, અને તમારું માથું કપાયેલુ હોય તેવો ફોટો પાડે, અને તમારા માથાની જગ્યાએ કોકોરચ મૂકે અને કહે કે તે તમે છો, તો શું તમને ગમશે? નિશ્ચે તમે તેથી તમે ખુશ નહીં થાવ પરંતુ તમને ચિઢ ચઢશે. આ જ પ્રકારે જ્યારે આપણે સાચા સર્જનહારની જગ્યાએ કોઈ અન્ય સૃજાયેલી પ્રતિમાની પૂજા કરીએ ત્યએર બને છે. તે જીવતા દેવને ખોટી રીતે પ્રદર્શિત કરે છે અને તેથી દેવ ઈર્ષાળુ છે.

### પ્ર.8. શું "ખ્રિસ્તી મૂર્તિઓ" પુજા કરવી પણ ખોટું છે?

કોઈપણ પ્રકારની પ્રતિમા કે મુર્તિ ભલે આપણે એને કોઈપણ પ્રકારે ગણતાં હોઈએ કે કોઈપણ દેવને પ્રગટ કરતી હોય જે આરાધના, ભક્તિ કે પુજાનું માધ્યમ બને છે તે અયોગ્ય અને ખોટું છે ચાહે તે ખ્રિસ્તી આરાધનાના સંદર્ભમાં હોય તો પણ.

આપણે કોઈપણ પ્રકારની મુર્તિ કે ફોટાની સમક્ષ મીણબત્તી સળગાવવી નહીં કે કેટેની સમક્ષ આરાધના કે પુજા કરવી નહીં ભલે તે બાળ ઇસુ, કિશોર ઇસુ કે યુવાન ઈસુના સંદર્ભમાં હોય! તમે કેવી રીતે કહી શકો કે જે તે ફોટો કે પ્રતિમા કે મુર્તિ ઇસુની જ છે? જે તે દ્રશ્ય કે પ્રતિમા અન્ય કોઈ વ્યક્તિની પણ હોય શકે છે કે જેની સમક્ષ તમે મીણબત્તી સળગાવીને તેની પુજા અર્ચના કરો છો. દેવ સ્પષ્ટપણે કહે છે, "તારે ઊડતાં કે ચાલતા પ્રાણી કે કશાની કે કોઈપણ ચીજની પ્રતિમા બનાવવી નહીં કે તેની પુજા અર્ચના કરવી નહીં..."

કોઈ મુર્તિ કે પ્રતિમાને "ખ્રિસ્તી ધર્મ" સાથે જોડવી અને કહેવું કે તમે તે વડે દેવની આરાધના કરો છો તે તદ્દન હાસ્યાસ્પદ બાબત છે. તમે "આત્માથી અને સત્યતાથી" દેવની આરાધના કરો (યોહાન 4:23-24).

## પ્ર.9. મીણબત્તી સળગાવવામાં ખોટું શું છે?

સાંકેતિક રીતે મીણબત્તી સળગાવવામાં કશું ખોટું નથી. આપણે ઘણા બધા કારણોસર અને પ્રસંગોએ મીણબત્તી સળગાવીએ છીએ: જ્યારે વીજળી ગુલ થઈ જાય ત્યારે પ્રકાશ માટે, જન્મદિવસની ઉજવણી પ્રસંગે, લગ્ન પ્રસંગે એકતાની ઝાંખી કરાવવા, વાતાવરણને આનંદમય બનાવવા વિગેરે વિગેરે. અલબત્ત, જ્યારે આપણે કોઈ પ્રતિમા કે મુર્તિ સમક્ષ પુજા કરવાના ભાવ સાથે મીણબત્તી સળગાવીએ છીએ. ત્યારે આપણે આત્માથી અને સત્યતાથી (યોહાન 4:23-24) આરાધના કરવાની બાબતનું ઉલ્લંઘન કરીએ છીએ. જો તમે એવું વિચારો છો કે કોઈ ફોટાની સમક્ષ મીણબત્તી સળગાવવાથી દેવ પ્રસન્ન થશે અને તેની જ્વાળા સ્વર્ગ સુધી પહોંચીને પ્રાર્થનાનો પ્રત્યુત્તર લાવશે તો તમે તમારી જાતને છેતરો છો. બાઇબલ આત્માથી અને સત્યતાથી આરાધના કરવાનું કહે છે નહીં કે મીણ કે અગ્નિથી!

## પ્ર.10. મારા કુટુંબીજન/જીવનસાથી મુર્તિપુજા કરે છે, તો શું તે મને અસર કરી શકે?

ના. બાઇબલ કહે છે કે આ જગત દુષ્ટ શક્તિઓનાં નિયંત્રણમાં છે (1લો યોહાન 5:18-19). જ્યાં પણ આપણે જઈએ, દરેક સ્થળે અને જગ્યાએ શેતાન શત્રુની હાજરીનો આપણે અનુભવ કરીએ છીએ, જો કે આપણે તેને પ્રત્યક્ષ રીતે નિહાળી શકતા નથી. તેથી જ્યાં સુધી તમે દેવના એ વચનને પકડી રાખીને સાવચેત રહો છો ત્યાં સુધી તમારી સાથે એક જ ઘરમાં રહેતી વ્યક્તિ કે જીવનસાથી દ્વારા થતી મૂર્તિપૂજા તમને અસર કરતી નથી. તેથી તમારે ડરવાની જરૂર નથી. તમારી જાતને શુદ્ધ અને પવિત્ર રાખો, ઘરમાં તમારા સ્થાન અને જગ્યાને શુદ્ધ અને પવિત્ર રાખો, તમને કોઈ આંચ નહીં આવે. જે દેવથી જન્મેલું છે તેને દુષ્ટ શક્તિ સ્પર્શ કરી શકતી નથી. મૂર્તિપૂજા કે તેના ડર થકી દુષ્ટ શક્તિને તમારામાં પ્રવેશ કરવા દેશો નહીં. યાદ રાખો કે વધુ શક્તિશાળી દેવ તમારામાં જીવંત છે (1લો યોહાન 4:4).

## પ્ર.11. શું વારસાગત બંધનો દેવ પ્રેરિત હોય છે કે શેતાન પ્રેરિત?

પૂર્વજોના પાપો, સોગંદ, વચનો અને કાર્યોએ શેતાનિક પ્રભાવ અને બંધનના દ્વાર ખોલ્યા છે તે સમજો. સમગ્ર બાઈબલમાં, ઘણી બધી જગ્યાએ જોવા મળે છે જ્યાં દેવ નોંધે છે કે તેઓ "કઈક" કરે છે અથવા "માંદગી" મોકલશે, બેરા કે બોબડા કરી દેશે કે અશુદ્ધ આત્મા મોકલશે" સમગ્ર શાસ્ત્રના પરિપેક્ષ્યમાં અનુ વાસ્તવિક ભાષાંતર જોઈએ તો દેવ જાતે કે જાણીજોઇને આવું કઈ "કરતાં નથી". એ તો શેતાન શત્રુ છે જે આવું બધુ કરે છે.

દેવની વ્યવસ્થા પ્રમાણે તેઓ દરેક વ્યક્તિની કાળજી લે છે. ઇસુ કહે છે કે દેવ દરેક, સારા અને ખરાબ, પર તેમના સૂર્યને પ્રકાશવા દે છે, સારા અને નરસા દરેક પર વરસાદ વરસાવે છે. અલબત્ત, વ્યક્તિ જ્યારે દેવના નિયમ કે ઇચ્છાનો ભંગ કરે છે, ત્યારે તે વ્યક્તિ પોતાની ઇચ્છાથી શેતાનના વિનાશ અને નુકશાનવાળા માર્ગો પર ચાલવાનું શરૂ કરે છે. તમે એને માટે દેવને દોષિત ઠેરવી શકો નહીં. વ્યક્તિના આવાં કૃત્યોના પરિણામ સ્વરૂપ તે પોતે દેવની રક્ષણની વ્યવસ્થાની બહાર નીકળી જાય છે, અને આમ કરીને વ્યક્તિ પોતે શેતાનને અધિકાર, સત્તા અને શોષણ કરવાનો માર્ગ કરી આપે છે. દેવ લોકોને પોતાની રીતે પસંદગી કરવાની અને પોતાનો માર્ગ નક્કી કરવાની તક આપે છે. સામાન્ય રીતે લોકો જે માર્ગ પસંદ કરે છે, તેમાં શેતાન તેઓ પર કાબૂ મેળવીને બંધનમાં બાંધી દે છે. દેવે પોતાની ઓળખ આપતા કહ્યું છે કે, "હું તમારો દેવ, સાજાપણું આપનાર દેવ છું." કોઈ જગ્યાએ દેવે એવું નથી કહ્યું કે, "હું તમારો દેવ, તમને માંદગી આપનાર દેવ છું." વર્તમાન પરિભાષામાં કહીએ તો, દેવ તમારો "ડોક્ટર" છે.

આજ બાબતને સરળ રીતે કહીએ તો, તમે ક્યારેય તમારા ડોક્ટર પાસે જઈને એવું કહો છો કે, "ડોક્ટર સાહેબ, આજે જો તમારી પવિત્ર અને સારી ઇચ્છા હોય તો, જો મને સાજો કરવાનો મૂડ હોય તો, જો મને સાજો કરવામાં તમને આનંદ લાગે તો, કૃપા કરીને મારા શરીરમાં શું બીમારી છે તે શોધી કાઢો અને તેને દુરસ્ત કરવા કઈ કરો." જ્યારે આપણે ડોક્ટર પાસે જઈએ છીએ ત્યારે આપણી સૂચિત અપેક્ષા એવી હોય છે કે ડોક્ટર પોતાના જ્ઞાન અને ક્ષમતા વડે આપણને સાજા કરવા માટે તેમનાથી બનતું બધું જ કરે. પરંતુ ઈશ્વર સાથેના સબંધમાં આપણે બેવડા ધોરણ રાખીએ છીએ કે જે ઈશ્વર કહે છે કે, "હું યહોવા રાફા (તમારો ડોક્ટર અને તમને સાજાપણું આપનાર દેવ), યહોવા યિરેહ (પૂરું પાડનાર), યહોવા નિસ્સી (તમને વિજય અપાવનાર), તમારો રક્ષક, તમારો ન્યાયાધીશ છું" અને તે ઈશ્વરને પૂછીએ છીએ કે, "જો તમારી મહાન અને પવિત્ર ઇચ્છા હોય તો મને સાજાપણું આપો." દેવની ઈચ્છા છે તમે સાજાપણું પ્રાપ્ત કરો અને આશીર્વાદિત બનો. જો આપણે જગતના ડોક્ટર સાથે આ પ્રમાણે વાત નથી કરતાં, તો શા માટે આપણે દેવ સાથે આ પ્રમાણે વાત કરવી જોઈએ? બીજું એક સામાન્ય ઉદાહરણ છે કે દેવ બધાં લોકોને સ્વર્ગમાં આમંત્રણ આપે છે, નહીં કે નરકમાં અને છતાં લોકો સ્વર્ગને પસંદ કરવાને બદલે નરક જ પસંદ કરે છે! દેવ એવા લોકોને નરકમા મોકલતા નથી અને તેથી દેવને દોષ આપી શકાય નહીં. તેથી, વારસાગત બંધનો દેવ દ્વારા સ્થાપિત થતાં નથી. એ તો આપણાં પાપી કૃત્યો વડે શેતાન શત્રુનું કામ છે.

# તૈયારી

- મૂર્તિપૂજા માટે વાપરવામાં આવતી હતી અને આવે છે તે તમામ ચીજવસ્તુઓને દૂર કરો. જો એ બાબતે કોઈ સંદેહ કે શંકા છે તો તેનાથી દૂર થઈ જાવ.
- તમામ પ્રકારના ગુપ્ત અને રહસ્યમય વાનાઓ જે દેવની વિરુદ્ધ અને દુષ્ટ છે જેવા કે- સંમોહન, મેલી વિદ્યા, ભવિષ્યકથન, જન્મ કુંડળી, જાદુ વિદ્યા, અંકશાસ્ત્ર, હસ્તરેખા વાંચન, તાવીજ, મદાળિયા, નસીબદાર ચીજો, ભારે ધાતુ કે ધૂણવું વિગેરેમાં વિશ્વાસ કરવાનું બંધ કરી ડો અને તેને ત્યજી દો.
- જુઠ્ઠા પ્રબોધકો (યહોવાના સાક્ષીઓ, ફ્રી મેશનરી), જુઠ્ઠા તર્કો, જુઠ્ઠા દેવો અને વિચારધારાઓ કે જે દેવના જીવંત વચનોથી વિપરીત છે તેને ત્યજી દો.
- પ્રભુ ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે સિદ્ધ કર્યું છે તે વિશ્વાસ કરો અને તમારા પૂર્વજોએ જે કરારો અને સોગંદ લીધા હતા તે ત્યજીને ખ્રિસ્ત સાથે નવેસરથી કરાર કરો.
- દેવની સંપૂર્ણ અધીનતામાં સમર્પિત થઈ જાઓ.
- જો તમે આશીર્વાદ પામવા માંગો છો તો તમારા દશાંશો અને અર્પણો દેવને આપો. તેના વચનોને પાળો, અને પવિત્ર જીવન જીવો.
- તમારા પૂર્વજો અને તમે જે બંધનમાં ગ્રસ્ત છો તે જાણવા અને સમજવા અંતે પવિત્ર આત્માની મદદ માંગો, તેની નોંધ લો, અને સર્વ બંધનોથી છુટકારો પ્રાપ્ત કરવા માટે નીચે મુજબની પ્રાર્થના કરો.

# પ્રાર્થના

*પ્રભુ ઇસુ, હું વિશ્વાસ કરું છું કે મારા માટે તમે વધસ્તંભ પર મરણ પામ્યા. શેતાનના દરેક પરાક્રમથી મને મુક્તિ અપાવવા તમે વધસ્તંભ પર તમારું મૂલ્યવાન રક્ત વહાવ્યું છે. મારા પૂર્વજોના પાપે જે અર્થહીન અને વ્યર્થ જીવન હું જીવતો હતો તેથી મુક્તિ અપવવા તમે તમારૂં રક્ત વહાવ્યું છે. તમે મારે માટે જે કર્યું છે તેના થકી હું આજે મારી જાતને મુક્ત કરવા માંગુ છું.*

*મારા જીવનના દરેક પાપ માટે હું પસ્તાવો કરું છું અને તેનો ત્યાગ કરું છું. મારી હઠ અને પાપના પરિણામોથી હું છુટકારો પ્રાપ્ત કરું છું.*

*હું મારા પૂર્વજોના દરેક પાપ અને તેઓની હઠનો ત્યાગ કરું છું તથા તે માટે પસ્તાવો કરું છું. તેઓની હઠ અને પાપના પરિણામોથી હું છુટકારો પ્રાપ્ત કરું છું.*

*ઇસુ ખ્રિસ્તના નામથી અને તેમના રક્તના સામર્થ્યથી, મારા પૂર્વજોના પ્રતાપે જે શાપ અને બંધન મને વારસામાં મળ્યાં છે તે પર હું અધિકાર જાહેર કરું છું. હું દરેક બંધન અને દરેક શાપ અને તેની અસરોને નેસ્તનાબુદ કરું છું.*

*હું એ તમામ સોગંદ, શાપ, વચન, પાપી કૃત્યો, કરારો, અને દુષ્ટ સબંધો જે મારા પોતાના દ્વારા કે મારા પિતાના કે માતાના વંશ થકી શેતાને મારા જીવનમાં પ્રવેશ મેળવ્યો છે તેને રદબાતલ જાહેર કરું છું.*

*ઇસુ ખ્રિસ્તના નામથી અને તેમના રક્તના સામર્થ્યથી, હું શેતાન શત્રુના સામર્થ્યને, તેના પ્રભાવને અને તેની અસરોને તોડી નંખું છું. હું મુક્ત થાઉં છું, કેમ કે ઇસુએ મને મુક્ત કર્યો છે!*

# : ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા :

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહબાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church

Account Number: 0057213809

IFSC Code: CITI0000004

Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બઁકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત  કરે!

## FREE BOOKS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling*
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don't Take Them
Open Heavens*
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/publications. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે.......

ઓલ પીપલ્સ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચન સાથે કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ્સ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરીન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# શું તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા. ઇસુ પોતે શરીરમાં ઈશ્વર હતા તેથી તેમણે જે કહ્યુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે દર્શાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જ્ગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ. પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હ્રદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.
અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ

પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારૂ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરૂં છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરૂં છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરૂં છુ અને મારા મોંઢાથી કબુલ કરૂં છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*


*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*

# DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ

## બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

આલ પાપલ્સ ચચ બાઇબલ કાલજ અન ામાનસ્ટ્રા ટ્રાનગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને  શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)

ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:00 વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:00 થી ૫:00 દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે. કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી www.apcwo.org/biblecollege. ની મુલાકાત લેશો.

APC-BC is accredited by the Nations Association for Theological Accreditation (NATA).

કેટલીક સમસ્યાઓ જેનો લોકો સામનો કરે છે તેના મૂળ અગાઉની પેઢીમાં હોય છે, કારણ કે અગાઉની પેઢીની કોઈ વ્યક્તિ પાપી જીવનશૈલી જીવી હોય કે શેતાનિક પ્રવૃતિઓમાં સામેલ થઈ હોય. આપણાં માટે એ અગત્યનું છે કે વારસાગત બંધનો કયાં છે અને તેને કેવી રીતે તોડી શકાય? વધસ્તંભ પર આપણી મુક્તિને સિદ્ધ કરવામાં આવી છે. ઇસુ એ દરેક શેતાનિક કૃત્યનો નાશ કરવા માંગે છે ચાહે તે કૃત્ય કોઈપણ પ્રકારે આપણાં જીવનમાં પ્રવેશયુ હોય.

આ પુસ્તક આપણને વ્યક્તિગત અને વારસાગત બંધનોને પારખવામાં અને તોડવામાં મદદ કરે છે. મુક્ત બની જાઓ! ઇસુ આપણને જે ભરપૂરીપણાનું જીવન આપવા આવ્યા છે તેને મનભરીને માણો.

આશિષ રાયચૂર

All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: + 91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org